

# સારાંશ

નિ:સ્વાર્થ

# સારાંશ

નિ:સ્વાર્થ

૦૧

પ્રકાશક
પરમાર્થ - પરિવાર

## : પ્રાપ્તિસ્થાન :

પરમ કે. સંઘવી
આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ
૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪
મો. ૯૮૨૦૪૪૧૦૩૦

**: નોંધ :**

આ પુસ્તક આપને અન્ય કોઈ નામે પ્રકાશિત કરવું હોય તો
અંદરની મેટર યથાવત્ રાખીને પ્રકાશિત કરવાનો હક્ક
પરમાર્થ પરિવાર આપને આપે છે.

આ પુસ્તક વાંચ્યા પછી જરૂર ન હોય તો નીચેના ઠેકાણે પરત કરવી
આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ
૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪
મો. ૯૮૨૦૪૪૧૦૩૦

# સુકૃત સહભાગી

શ્રી સિધ્ધાચલ માહતીર્થાધિપતિ શ્રી આદિનાથાય નમઃ
શ્રી સંભવનાથ સ્વામીને નમઃ
શ્રી પદમ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

**અધ્યાત્મયોગી પ.પૂ.આ.દે.શ્રી.વિ.કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**
**ના શિષ્યરત્ન**
**પ્રવચન પ્રભાવક પ.પૂ.આ.દે.શ્રી.વિ.પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
**ની પ્રેરણાથી**

**સર્વશ્રેષ્ઠ તીર્થાધિરાજ શત્રુંજય મહાતીર્થે પાલીતાણા નગરે આવેલા**

**શ્રી કચ્છ વાગડ - સાત - ચોવીસી જૈન સમાજ**
**સંચાલિત**
**શ્રી વેલજી દામજી ભણશાલી જૈન યાત્રિક ભવનમાં**

**થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.**
**તેની ખુબ ખુબ અનુમોદના**

**: નોંધ :**
**ગૃહસ્થે આ પુસ્તકની માલિકી કરતાં પૂર્વે**
**રૂ.૪૦**
**જ્ઞાનખાતામાં જમાં કરવાનાં રહેશે.**

# પ્રાક્કથન

## समझदार को समझदार का इशारा

જીવનની કેટલીક વાસ્તવિકતાઓ સામે પડકાર નથી ફેંકી શકાતો 'મૃત્યુ' પણ જીવનની આવી જ એક વાસ્તવિકતા છે. શા માટે આપણે જીવન પછીના મરણ, મરણ પછીના જન્મ (પરભવ) અને હા..., ભવપરંપરા રૂપ ચક્રના જ અંત વિશે વિચારી, આગળ ન વધીએ ? 'મૃત્યુનું પણ મૃત્યુ હોઈ શકે' એવા તથ્યને જાણવાનો, સમજવાનો એક પ્રયત્ન કરી જોઈએ..

તમામ સંસારીઓના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગયેલા અને તેમને જ અવારનવાર તકલીફો આપી રહેલા 'અહં'કાર અને 'મમ' કાર (I, Me, My) ના તથ્યોને, પણ એક આગવી રીતે ઓળખીને, સ્વયં જાત અનુભવ કરીએ...

"तू नहीं केरा, कोई नहीं तेरा, क्या करे मेरा मेरा;
तेरा है सो तेरी पासे, अवर सब अनेरा।"

અને હવે... ઈતિહાસની અટારીએથી....

અનાર્ય દેશમાં રહેલા, પોતાના પરમ મિત્ર આર્દ્રકુમારના કલ્યાણ માટે, મોકલાવેલી ભગવાનની પ્રતિમા સાથે, દિશાનિર્દેશ કરવાપૂર્વક, ઈશારો કરવા

દ્વારા, બુદ્ધિ નિધાન શ્રી અભયકુમારે સૂચના કરી હતી કે આ પેટી ને આપ એકાંતમાં ખોલજો તે ઈશારાને સમજીને, તે પ્રમાણે અનુસરવાથી 'પ્રભુપ્રતિભા'ના માધ્યમે, આર્દ્રકુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું અને તેઓશ્રી કલ્યાણ માર્ગે આગળ વધી શક્યા.

એ જ પ્રમાણે, પ્રસ્તુત પુસ્તક 'સારાંશ'ના પાને પાને, હેતુપૂર્વકનો, આશા અને અપેક્ષા સહ નો શબ્દ ખજાનો, અત્યંત આદરપૂર્વક અંકિત થયેલો છે, જેને માત્ર એક પરીકથા ની જેમ વાંચી જવું, એ આ પુસ્તકને એક અન્યાય કરવા રૂપ બની શકે. માત્ર જ્ઞાન મેળવવાના હેતુ તરીકેનો ઉદ્દેશ પણ તેનો એક સીમિત ઉપયોગ જ બની જાય;

પણ તે શબ્દ-ખજાનાને મનમાં મમળાવતાં-મમળાવતાં, ધ્યાનપૂર્વક વાંચવાથી, જીવનને નવો દૃષ્ટિકોણ અને દિશા તો મળશે જ; સાથે સાથે તેમાં સમાયેલા સારાંશોને જીવનના પ્રત્યેક ક્ષેત્રે અને જીવનની પ્રત્યેક ક્ષણે વણી લેવાથી, જીવનશૈલીમાં આત્મગુણોને સમૃદ્ધ કરનારી, સ્થાયી સુધારાની પરિસ્થિતિનું નિર્માણ થશે.

પ્રાન્તે, અંતરાત્માને અહંકાર અને મમંકાર થી અળગો અને આઘો રાખી; મૃત્યુના મહામૃત્યુથી મૃત્યુને જ મ્હાત કરી; સાચા સુખ નું કાયમી સરનામું શોધી,

સિદ્ધશિલા પર સ્થાન પામી, હર કોઈ, શાશ્વત સુખના સ્વામી બને; અન્ય તમામ જીવોને પોતાના તરફથી ક્યારેય દુ:ખી ન કરે એ જ અભ્યર્થના..

પ્રસ્તુત પુસ્તકમાં ક્યાંય પણ મતિમંદતાથી કંઈ પણ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય; દૃષ્ટિકોણ કે પ્રેસદોષને કારણે અશુદ્ધિઓ રહી ગઈ હોય, તો તે બાબતોને સુધારીને વાંચવા, સુજ્ઞ વાચક વર્ગને, ક્ષમાયાચના સહ નિવેદન કરવા સાથે, સર્વજ્ઞોની સાક્ષીએ, ત્રિવિધે-ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં'

પરમાર્થ - પરિવાર

તરફથી

રાજેન્દ્ર ભવરલાલ દોશી

(હાડેચા)

❑❑❑

# સારાંશ

# (મૂત્યુ)

## પરમાર્થ-પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તકો :

૦૧) સારાંશ
૦૨) સુખના સમીકરણો
૦૩) શ્રાવિકા
૦૪) સમજ
૦૫) સમર્પિત
૦૬) સંયુક્ત પરિવારનો મહિમા
૦૭) અતિથી સત્કાર એટલે વિહાર સેવા ગ્રુપ
૦૮) સચ્ચઉરી મંડણ
૦૯) મને વેષ શ્રમણનો મળજો...
૧૦) રાગ ભાગ - ૧ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૧) રાગ ભાગ - ૨ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૨) ક્ષમાધર્મ ભાગ - ૧ (ઉપકારીક્ષમા, અપકારીક્ષમા)
૧૩) ક્ષમાધર્મ ભાગ - ૨ (વિપાકક્ષમા)
૧૪) ક્ષમાધર્મ ભાગ - ૩ (વચનક્ષમા, ધર્મક્ષમા)
૧૫) પ્રાર્થના ભાગ - ૧ (જયવીયરાય સૂત્ર)
૧૬) પ્રાર્થના ભાગ - ૨ (જયવીયરાય સૂત્ર)
૧૭) અદ્દ્ભુત
૧૮) પુરુષાર્થ
૧૯) અવતાર માનવીનો...
૨૦) આશરો
૨૧) વાણી
૨૨) ઈતિહાસ
૨૩) श्राविका (हिन्दी)
૨૪) संयुक्त परिवार की महिमा (हिन्दी)
૨૫) अतिथी सत्कार (हिन्दी)
૨૬) Final Verdict (સારાંશ)
૨૭) Authentic Sukh (સુખના સમીકરણો)
૨૮) Ideal House Wife ( શ્રાવિકા)
૨૯) Importance of Joint Family (સંયુક્ત પરિવારનો મહિમા)
૩૦) Wish You All the Best (જા સંયમ પંથે દીક્ષાર્થી)
૩૧) Dedicated (સમર્પિત)
૩૨) Marvelous (અદ્દ્ભુત)
૩૩) Journey of Enlightenment (સચ્ચઉરી મંડણ)
૩૪) Vihar Seva Group (વિહાર સેવા ગ્રુપ)
૩૫) Understanding (સમજ)

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

અમેરિકામાં આવેલા ડિઝનીલેન્ડ માટે સાંભળ્યું હતું કે વિશ્વની કુલ વસ્તી ની સંખ્યા જેટલા મુલાકાતીઓ ત્યાં જઈ ચૂક્યા છે. 'ડિઝનીલેન્ડ' શબ્દ સાંભળતાં જ, જુદી જુદી અનેક પ્રકારની સવારીઓ, કાર્ટુન, ધમાલ, મોજ મસ્તી કરાવતી વસ્તુઓ, ઈત્યાદિ દૃશ્યો તમારા મનમાં આવતાં હશે!

તમને ખબર હશે કે 'તારામાં આવડત નથી; તારું અહીં કામ નથી. એમ કહીને જેને As a Cartoonist (વ્યંગ ચિત્રકાર તરીકે) એક News Paper કંપની માંથી કાઢી નાખવામાં આવ્યો હતો, તે વોલ્ટ ડિઝની, એક વખત કેલિફોર્નીયા સ્ટેટના લૉસ એન્જેલસ માં હૉલીવુડની પાસે આવેલા, એક ખુલ્લા મેદાનમાં સાંજનાં ફરવા માટે ગયો હતો.

તેણે એક યુવતીને પોતાના પુત્રને હસાવવા સતત પ્રયત્ન કરતી જોઈ. એ હસતી હતી, નાચતી-કૂદતી હતી, વાંદરાની જેમ ઠેકડા મારતી હતી, તેને ગુદગુદી કરતી હતી, એવી બધી જ Actions તે કરતી હતી. એના આવા હાવ ભાવ જોઈને ડિઝનીને થયું 'આ સ્ત્રી સાથે કાંઈ ઘટના બની લાગે છે. 'એટલે તેણે Invovle થઈને, તે સ્ત્રીને પૂછ્યું, વાત શું છે ? ત્યારે એ સ્ત્રીએ અશ્રુભીની આંખોથી, પોતાની દુઃખ ભરી, દર્દનાક, દારુણ દાસ્તાન સંભળાવતાં કહ્યું, "આ બાળકના પિતા એક સૈનિક હતા. તેઓશ્રી આને અત્યંત પ્રેમ કરતા હતા, તેઓ બંને, એક બીજા વગર રહી નહોતા શકતા. ભાગ્યયોગે એમનું લડાઈમાં મૃત્યુ થઈ ગયું. આ ઘટનાથી મને ખૂબ જ આઘાત લાગ્યો છે, બહુજ દુઃખ થયું છે, પણ હું એ આઘાત માંથી બહાર આવી ગઈ છું; પણ

મારો આ પુત્ર આ દુ:ખમાંથી હજી પણ બહાર નથી આવ્યો. એને જ આનંદ પમાડવા-રમાડવા કરવા અહીં આવી છું અને એને હસાવવા માટે પ્રયત્ન કરું છું, પણ કોઈ પણ રીતે એ હસતો જ નથી.''

આ કરુણ કથા સાંભળીને ડિઝનીને ઊંડો આઘાત લાગ્યો. એણે પણ કાર્ટુનો ચિત્રીને બાળકને હસાવવાની કોશિશ કરી, તે પણ નિષ્ફળ ગયો; એટલે મા-દીકરો બન્ને ગમગીન ચહેરે ત્યાંથી ચાલ્યા ગયા.

ત્યાંજ વોલ્ટ ડિઝનીએ એવો દૃઢ સંકલ્પ કર્યો કે આ સ્થાને હું કંઈક એવું બનાવું કે જેને પરિણામે અહીં આવેલા બાળકોનાં દુ:ખ અને ઉદાસીનતા-કંટાળો Mr. India (અદૃશ્ય-ગાયબ-દૂર) થઈ જાય અને બાળકો હસી ખુશી, ખેલતા કૂદતા ઘરે જાય. આમાંથી જ સર્જાયું ડિઝનીલેન્ડ!!! For the time being (કામ ચલાઉ) આનંદ આપવા અને too at aparticular cost (એ પણ પૈસા લઈને) વૉલ્ડ ડિઝની એ ડિઝનીલેન્ડ ની સ્થાપના કરી.

જ્યારે દેવાધિદેવ આપણા ભગવાને તો, આ દુ:ખમય સંસારને સંપૂર્ણ રીતે જાણી અને જોઈને સંસારના સર્વ જીવોની બધા જ પ્રકારના દુ:ખો કાયમ માટે દૂર કરવા, આ ધર્મતીર્થની સ્થાપના કરી. શ્રમણ ભગવાન મહાવીરે પોતાના પૂર્વના ત્રીજા ભવમાં આ દુ:ખમય સંસારનું ખુલ્લું-ઉઘાડું-સ્પષ્ટ સ્વરૂપ જોયું અને તેઓશ્રી એટલા દુ:ખી થઈ ગયા કે આ સંસારમાં તમામ જીવો, આધિ, વ્યાધિ, ઉપાધિથી યુક્ત છે. કોઈ પણ હિસાબે એમને સુખી કરવા જોઈએ અને સુખી કરવાનો એક જ રસ્તો છે, ''સવિ જીવ કરું શાસન રસી''.

આ પવિત્ર ભાવના દિલમાં ભાવી અને પરમઉપકારક એવું તીર્થંકર નામકર્મ બાંધ્યું. એના જ પરિપાક રુપે છેલ્લા ભવમાં તેઓશ્રીનો વર્ધમાનકુમાર તરીકે જન્મ થયો. યોગ્ય સમયે તેમણે દીક્ષા લીધી અને સાધનાના માર્ગે આગળ વધી, ઘાતી કર્મોને ક્ષય કરી, વૈશાખ સુદ ૧૦ ના દિવસે કેવલજ્ઞાન પામી, વૈશાખ સુદ ૧૧ ના પવિત્ર દિવસે ધર્મતીર્થની સ્થાપના કરી અને આપણને પરમ સત્યો (ultimate principles) આપ્યા. જેમ 14th Nov. - બાળ દિવસ, 5th Sept. - શિક્ષક દિવસ, 15th Aug. - સ્વતંત્રતા દિવસ, 26th Jan. - પ્રજાસત્તાક દિવસ એવી રીતે વૈશાખ સુદ ૧૧ ના દિવસને કોઈ નામ આપવું હોય તો મને મન થાય - ''સત્ય દિવસ'' તરીકે ઓળખવાનું. જ્યાં અજ્ઞાનનું નામોનિશાન નથી અને જ્ઞાનની પૂર્ણતા -છે, એવા પોતાના કેવલજ્ઞાનમાં જે સત્યો તેમણે જોયા, તે તમામ - બધા સત્યો, આપણા સૌના હિત માટે, જગત સમક્ષ પ્રકાશિત કર્યા. તેથી ભગવાનને જો બીજું નામ આપવું હોય તો ''સત્ય પ્રકાશ'' આપી શકાય.

આપણને પારમાર્થિક સત્યો તો મળી ગયા; પણ જીવની એક કરુણ વાસ્તવિકતા એવી છે કે તે આ સત્યોને સમજી શકતો નથી. આપણો સ્વભાવ જ ચિત્ર વિચિત્ર છે. કોઈ પણ વાતમાં રહેલા ગંભીર રહસ્યને જાણવા-પામવાને બદલે આપણે તેને કેવળ હાસ્યરસમાં કેવી રીતે લઈ જવી, એને મજાકનું કારણ બનાવી, ઠઠ્ઠામશ્કરી કરવી; એ જ આપણા જીવની અનાદિકાલની એક કુટેવ પડી ગઈ છે. દા:ત એક ઠેકાણે સાંભળેલું હતું કે ''સ્ત્રીઓ પહેલા આંખો નચાવે, પછી આખો નચાવે.'' આ વિધાન સાંભળીને બધા ખડખડાટ હસે. ખરેખર તો આ વાક્ય સાંભળ્યા પછી વિચાર આવવો જોઈએ કે સ્ત્રીઓ નું સ્વરૂપ આવું જ હોય

છે, તો વૈરાગ્ય થવો જોઈએ, તેને બદલે આ વાક્યમાંથી શું ગ્રહણ કર્યું ? થોડું હસવાનું અને માત્ર ટાઈમ પાસ જ ને ! કેવું સરસ છે કે આંખો અને આખો, આ બન્ને શબ્દોનો પ્રાસ કેવો જબરદસ્ત રીતે બેસાડી દીધો ! કેટલી જોરદાર રજૂઆત કરી ! ખરેખર જે વ્યકિતએ આ પ્રાસ બેસાડયો એ તો પ્રતિભાશાળી વ્યક્તિ છે. એના આગમનથી તો જાણે સભામાં બહાર આવી જાય. ખરેખર તો આ વાક્યથી આપણને વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થવો જોઈએ કે સ્ત્રીઓનો સ્વભાવ કેવો છે ! તેમનું અસલી સ્વરૂપ કેવું વિચિત્ર છે ! આવું વરવું સ્વરૂપ જાણ્યા પછી હકીકતમાં તો સ્ત્રીઓથી દૂર થવું જોઈએ. તમને કોઈ સરસ રીતે ઉકરડાનો બોધ કરાવે, તો શું તમે કેવલ તેની બુધ્ધિ ઉપર આફ્રીન પોકારો કે ઉકરડાનું સ્વરૂપ જાણ્યા પછી ઉકરડાથી દૂર થઈ જાઓ ને ? (આતો સ્ત્રીઓ માટે કયાંક વાંચેલુ તમારી અગંભીરતા સમજાવવા માટે ઉદાહરણ આપ્યું બાકી અનેકાનેક સ્ત્રીઓ મહાન વિભૂતિ થઈ છે.)

અમુક સત્યો દુનિયામાં પ્રત્યક્ષ છે, જેમકે કાગડો-કાળો, હંસ-સફેદ, સાગર-ખારો વગેરે. તેવી જ રીતે ભગવાને જે પારમાર્થિક સત્યો આપ્યા છે, એમાંથી કેટલાયે સત્યો, કે જે પાયાના સત્યો છે અને આપણા જીવનમાં ખૂબ જ ઉપયોગી અને આવશ્યક છે, એની વિચારણા કરી લઈએ. ભગવાને આપેલું એક સત્ય બહુ જ સુંદર છે કે "જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ" અર્થાત્ જન્મેલાનું મૃત્યુ અવશ્ય છે. આ વાત આપણે વિચારવા જ તેયાર નથી.

જિજ્ઞાસુ : "આપ કહો છો કે તીર્થંકર પરમાત્માએ મૃત્યુ બતાવ્યું ભલે; જન્મ-મરણ તો અનાદિકાળથી થતાં જ આવ્યાં છે, એની તો એમને ખબર જ છે."

ગુરુજી : ‘‘આર્ય! તીર્થંકર પરમાત્માએ બતાવેલું મૃત્યુ એટલે શું ? એ પછી સમજાવું; તમે જે રીતે મૃત્યુને ઓળખો છો, જાણો છો, તમારી એના વિશેની સમજ કેવી છે; તે પહેલાં સમજીએ.’’

રાત્રિના સમય દરમ્યાન પતિ-પત્ની સૂતા હતા, ત્યારે અચાનક પત્નીએ કહ્યું, ‘‘ઘરમાં ચોર પેસી આવ્યો છે.’’ પતિએ કહ્યું, ‘‘ખબર છે.’’ પત્ની બોલી - ‘‘કબાટ ખોલીને ચોર દાગીના કાઢી રહ્યો છે.’’ ‘‘ખબર છે.’’ ‘‘દાગીના લઈને ભાગી રહ્યો છે.’’ ‘‘ખબર છે.’’ ‘‘ચોર ભાગી ગયો.’’ ‘‘ખબર છે.!’’ ‘‘બોલ, આર્ય ! આ ખબરની કિંમત શું ?’’

તમને પણ ખબર તો છે જ કે મૃત્યુ છે. ઘણા મરી ગયા, ઘણા મરી રહ્યા છે, ઘણા મરશે - પણ તમારી જીવન જીવવાની પદ્ધતિમાં શો ફરક પડ્યો ? અત્યારે તો ૫૦/૬૦ વર્ષની ઉંમરે પણ વિશ્વ પ્રવાસ માટેનો જે ક્રેઝ ચાલ્યો છે, શું એ યોગ્ય છે ? જેમનો એક પગ સ્મશાનમાં કહી શકાય, એવા ૫૦-૬૦ વર્ષના ઘરડાઓ પણ જે નાટક કરે છે, જેમકે બંગી જંપીંગ, સ્કાય ડાયવીંગ, સ્કુબા ડાયવીંગ ઈત્યાદિ જોતાં સ્પષ્ટ પણે લાગે કે મૃત્યુ અફર છે, એ નરી વાસ્તવિકતા ને આપણે સ્વીકારતાં જ નથી.

જગત જેને મૃત્યુ માને છે, એવા મૃત્યુને જ ભગવાને મૃત્યુ નથી બતાવ્યું; પણ ભગવાન તો મૃત્યુ દ્વારા એ જ બતાવી રહ્યા છે કે પરલોક પણ છે. કેવલ "Eat drink & be merry", (ખાઓ પીઓ ને મોજ કરો;) ‘જીના યહાઁ મરના યહાઁ, ઈસકે સિવા જાના કહાઁ,’ લોકોની આલોક સંબંધી આવી ભૂલ ભરેલી ભૌતિકવાદી દૃષ્ટિ ભગવાને ક્યારે પણ બતાવી જ નથી. તમે બોલતા હો છો કે કહીં પે નિગાહેં કહી પે નિશાના.

એવી રીતે ભગવાને જોયેલું મૃત્યુ સંબંધી દૃષ્ટિ, વાસ્તવિકતામાં તો પરલોકના સુયોગ્ય આયોજન દ્વારા, પરંપરાએ પરમલોકના લક્ષ્યવાળું, મોક્ષ માટેનું લક્ષ્ય જ છે.

મૃત્યુનું મૃત્યુ એટલે મોક્ષ. મૃત્યુનું મૃત્યુ નહિ થાય, ત્યાં સુધી જીવ ક્યારે પણ સંપૂર્ણપણે સુખી નહીં થઈ શકે, કારણ કે મૃત્યુ થશે તો જન્મ પણ થશે અને આ વિષ ચક્ર ચાલ્યા જ કરશે. આપણા મોત પણ એવા છે કે જેની પાછળ જન્મ રહેલો છે. લોકમાં પણ તમે બોલો છો ને ? ''હમકો ભી ગમને મારા, તુમકો ભી ગમને મારા, હમ સબકો ગમને મારા, ઈસ ગમકો માર ડાલો.'' એમ મૃત્યુએ જ આપણાને સહુને ખૂબ જ હેરાન કર્યા છે; માટે આવા મૃત્યુઓનું જ અંતિમ મહામૃત્યુ કરવા માટે, ભગવાને ધર્મતીર્થની સ્થાપના કરી છે. મહાપુરુષોએ ભગવાનોના ઉત્તમ વચનોને, ગુજરાતી ભાષામાં પણ સ્તવન, સજ્ઝાય દ્વારા સમજાવ્યા છે. આપણે પણ એક સજ્ઝાય દ્વારા એ વચનોને સમજવા પ્રયત્ન કરીએ.

''ઊંચા તે મંદિર માળીયાં, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો. (૧)
એક રે દિવસ એવો આવશે, મન સબળોજી સાલે;
મંત્રી મળ્યા સવિ કારમા, તેનું કાંઈ નવ ચાલે.'' (૨)

ઉપરોક્ત કાવ્ય પંક્તિઓમાં, સજ્ઝાયકાર ઉપાધ્યાય ભગવંત શ્રી ઉદયરત્ન મહારાજા સમજાવે છે કે રાજા મરણ પામ્યો છે ! તેના ઊંચા ઊંચા ગગનચુંબી બહુમાળી ભવ્ય રાજમહેલમાં અનેક ઝરૂખાઓ સમાવિષ્ટ છે, એવા ભવ્ય - આલિશાન રાજમહેલનો માલિક જ્યારે

મૃત્યુ પામ્યો છે, ત્યારે તે પણ સોડ વાળીને સૂતો છે. કેટલી જગ્યા જોઈએ એને ? માંડ-માંડ 6 feet x 1.5 feet = 9 sq.feet આખા ય રાજમહેલનો બાકીનો વિસ્તાર ખાલીખમ હોવા છતાં એને માટે તો તદ્દન નિરુપયોગી થઈ ચૂક્યો છે. આપના મનમાં પ્રાયઃ એવું હોય કે શહેરના વૈભવી વિસ્તાર માં 4 BHK નો એક સુંદર મજાનો પોશ ફ્લેટ મળી જાય, તો લાઈફ બની જાય. ક્યાં તમારી 10 x 10 ની ખોલી, એક બીજાના માથા ઉપર, પંખીના માળા જેવા ઘર અથવા બહુ બહુ તો ખરેખર 600 sq.ft. Carpet Area ને સ્થાને કહેવાતા 900 to 1000 sq.feet ના Built-up અને Super-built-up આવાસો અને ક્યાં આ રાજાનો ભવ્ય મહેલ ? !

- આવી ઊંચી હવેલીના માલિક એવા રાજાઓ જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત થાય; અંતરના આવકારભર્યા મીઠા શબ્દોથી તેમને સંબોધન થાય - ''પધારો ! પધારો ! ! આપ તો અમારા અતિથિ - વિશેષ માનવંતા મુરબ્બી શ્રી; કાર્યક્રમના પ્રમુખ - શ્રી. વગેરે વગેરે वास्तव में ही, आप आये बहार आई।''

આવો મોભાદાર વ્યક્તિ પણ જ્યારે મરણ પામે, ત્યારે સહુ લોકોના શબ્દોમાં આવતું સ્વાભાવિક પણ આશ્ચર્યકારી પરિવર્તન, કવિ શ્રી લખે છે. - ''કાઢો રે કાઢો એને''. જાણે કે તે જન્મ્યો જ નહોતો ! ! !

જ્યારે લોકો કહે - 'ક્યારે કાઢવાના છે ?' ત્યારે આપણને સહેજે એવો પણ વિચાર પણ ન આવે - ''કેટલા ય દિવસો - મહિનાઓ અને કદાચ વર્ષો પારકાની ઓફિસમાં, દિવસ અને રાત સખત મહેનત કરીને,

અરે, આગળ વધીને.... ત્યાં જ - ગમે તેવી પરિસ્થિતિમાં પસાર કાર્ય; પૈસા કમાવ્યા; બે પાંદડે થયા, તે આવકમાંથી જ ઘર લીધું, લીધેલા ઘરમાંથી મને જ! 'કાઢો રે કાઢો' એમ સહુ કહે; તો આ સંસાર છે કેવો?

જિજ્ઞાસુ : આપણા મૃત્યુ પછી, કોઈ 'કાઢો' કહે, તો આપણને એની ખબર જ ક્યાં પડે છે?

ગુરુજી : આર્ય! સ્વયં ધન-દોલત-સંપત્તિ, ઉપાર્જન-પ્રાપ્ત કરીને જેઓ પરિવારને ઊંચો લાવ્યા; એવી કેટલીય વ્યક્તિઓ તારી નજર સમક્ષ છે, તારી જાણમાં છે. તેમના મરણ બાદ તેમના જ માટે 'ક્યારે કાઢવાના છે?' એવું બોલતા, તેમના સ્નેહી-સ્વજનો-પરિવારજનોને શું તું નથી જાણતો?

કાદવ-કીચડ ને કારણે રસ્તામાં, લપસી પડેલી, આગળની દસ વ્યક્તિઓને જોઈને, શું તું નહીં માને - 'આ તો જોખમી રસ્તો છે.'

મને તો 'કાઢવાના' શબ્દો સાંભળતાં જ વિચાર આવે કે જાણે કોઈ કચરો કાઢવાની વાત ન હોય! તને એવું લાગે છે ખરું?

તમને તો તમારું ઘર 'વિસામો' લાગે છે ને? ઘણાં લોકો ઘરનું નામ પણ 'વિસામો' અથવા 'નિરાંત' રાખતા હોય છે. સાચું કહેજો - આ સંસાર માં ઘર કોઈનો 'વિસામો' બન્યો છે? ઘરમાં કોઈને 'નિરાંત' મળી છે?

હર કોઈની જિંદગીમાં એક દિવસ જરૂર એવો (મૃત્યુનો) આવવાનો છે, ભલે તે ક્યારે આવે તેની જાણ આપણને ન હોય.

શાસ્ત્રમાં એક દ્રષ્ટાંત આવે છે. વૈરાગ્યથી વાસિત થયેલા એક બાળકને સંયમ ગ્રહણ કરવું છે. - દીક્ષા અંગીકાર કરવી છે; ત્યારે તે પોતાના માતા-પિતાને કહે છે - 'જે હું જાણું છું, તે હું નથી જાણતો' અર્થાત - મૃત્યુ આવવાનું છે તે હું જાણું છું પણ ક્યારે આવવાનું છે, તે નથી જાણતો.

'મંત્રી મળ્યા સવિ કારમા' અર્થાત્ વિશિષ્ટ કક્ષાના મંત્રીઓ હોવા છતાં, મૃત્યુ આગળ તો તેમનું પણ કાંઈ ચાલતું નથી.

એક અન્ય કવિના રચેલા 'વિશ્વવિજેતા સિકન્દરના ફરમાનો' માંથી...

''આખા જગતને જીતનારું, સૈન્ય પણ રડતું રહ્યું;
વિકરાળ દળ ભૂપાળને, નહીં કાળથી છોડાવી શક્યું.
મારું મરણ થાતાં, બધા હકીમોને અહીં બોલાવજો;
મારો જનાજો એ જ વૈદ્યોને ખભે ઉપડાવજો,
યૌવન ફના, જીવન ફના, જર ને જવાહર, છે ફના;
પરલોકમાં પરિણામ મળશે પુણ્યના ને પાપના.''

- જો કે ઈતિહાસની અટારીએ આંટો મારીએ તો ભૂતકાળમાં રાજાઓને જ્યારે જ્યારે પ્રશ્નો ઉદ્ભવ્યા છે, ત્યારે બુદ્ધિનિધાન, બાહોશ, કાર્યદક્ષ મંત્રીશ્રીઓએ, તે ઉકેલ્યા છે. તેમની બુદ્ધિ પ્રતિભા ઉપર તમે ખરેખર આફરીન પોકારી જશો.

જિજ્ઞાસુ : ગુરુજી! એકાદું ઉદાહરણ આપો ને.

ગુરુજી : આર્ય ! એકદા ઉજ્જયિની નગરીના રાજા ચંડપ્રદ્યોતે પોતાની રાજ સભામાં ઘોષણા કરી. 'રાજગૃહી નગરીના રાજા શ્રેણિકના મંત્રી અભયકુમારને બાંધીને જે કોઈ લઈ આવશે, તેને હું પ્રસન્ન કરીશ.' એક ગણિકાએ આ કામ માથે લીધું અને કર્યું પણ ખરું. અભયકુમારને બાંધીને ઉજ્જયિનીમાં લાવવામાં આવ્યા. તેમને તમામ સગવડો વાળા કાષ્ટના પાંજરામાં પૂરવામાં આવ્યા.

ચંડપ્રદ્યોત રાજાના રાજ્યમાં અગ્નિભીરુ રથ, શિવાદેવી રાણી, અનલગિરિ હાથી અને લેખ લઈ જનાર લોહજંઘ નામનો દૂત; એ ચાર રત્નો હતા. ભૃગુકચ્છ નગર પણ ચંડપ્રદ્યોતનું જ રાજ્ય હતું, જે નગર ઉજ્જયિની નગરીથી 25 યોજન = 100 ગાઉ = 200 માઈલ = 320 k.m. કિ.મી. લગભગ દૂર હતું.

ચંડપ્રદ્યોત રાજા, લોહજંઘ દૂતને અવારનવાર ભૃગુકચ્છ મોકલતો. લોહજંઘના આવાગમનથી, તેના નિતનવા ફતવાઓ અને હુકમોના, ક્રૂરતા-ત્રાસ ભર્યા વ્યવહારથી, ક્લેશ પામેલા ત્યાંના લોકોએ, એના ત્રાસથી છૂટવાના ઉપાય રૂપે અંદરોઅંદર મંત્રણા કરીને, તેના ભાતામાં - લાડવાના ડબ્બામાં બે દ્રવ્યો એવા મૂક્યા, કે જેના સંયોગથી દૃષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થાય, કે જેને પરિણામે ભાતાનો ડબ્બો ઉઘાડતાં જ, તે દૃષ્ટિવિષ સર્પની નજર માત્રથી જ બળીને રાખ થઈ જાય. આ ભાતું લઈને, લોહજંઘ ભૃગુકચ્છથી ઉજ્જયિની જવા રવાના થયો. રસ્તે ચાલતાં આગળ વધતાં એક નદીના કિનારે, તે વાપરવા - જમવા બેઠો, પણ તેને ત્યાં અપશુકન થયા. તે શુકન-અપશશુકનમાં દૃઢ વિશ્વાસ રાખતો હોવાથી, ખાવાનું મૂલતવી રાખી, ડબ્બો ખોલ્યા વિના આગળ વધ્યો.

વળી ખાવા માટે પ્રયત્ન કરતો હતો ત્યારે ફરીથી અપશુકન થયા, આમ અપશુકનને કારણ તે ખાધા વિના જ ઉજ્જયિની પહોંચ્યો. તેણે આ ઘટના વિગતવાર રીતે રાજાને કહી. રાજાને આશ્ચર્ય સાથે ખૂબ દુઃખ થયું. તેને આનું રહસ્ય સમજાયું નહીં. એને અભયકુમારની યાદ આવી. તેને બોલાવીને ઘટનાક્રમ જણાવ્યો. અભયકુમારે ડબ્બો મંગાવ્યો અને સૂંઘીને કહ્યું - ડબ્બામાં લાડુ સાથે અમુક દ્રવ્યો ભેગા થવાથી, એવો સર્પ ઉત્પન્ન થયો છે કે જેની દૃષ્ટિમાં ઝેર હોય અને તે સર્પ તમને સ્પર્શ કર્યા વિના, દૃષ્ટિ માત્રથી બાળી શકે. જો આ ડબ્બો લોહજંઘે ખોલ્યો હોત, તો તે જીવતો બળી જાત! મરણને શરણ થઈ જાત!!!

જોયું ને? વિચાર કરજો. કેટલો ગંભીર કોયડો અભયકુમાર ને પૂછાયો છે અને તે પણ શીઘ્ર ઓચિંતો, પૂર્વે સૂચના આપ્યા વિના.

એક બંદી (કેદી) બનાવાયો હોવા છતાં, તેમણે સાચો ઉકેલ નિખાલસતાથી આપ્યો. બુધ્ધિમત્તા અને સિદ્ધાંતનું ઉદાહરણ અભયકુમાર!

માત્ર મોદકની ગંધ ઉપરથી તેમાં થયેલા દ્રવ્યોના મિશ્રણને કારણે અનેક પ્રકારની સાપની જાતિઓમાંથી દૃષ્ટિવિષ સર્પની ઉત્પત્તિ નક્કી કરનાર અભયકુમારની તીક્ષ્ણ-વિચક્ષણ બુધ્ધિના આંક ની ઊંચાઈ અને અગાધ જ્ઞાનની પરિસીમા ક્યાં. વિશ્વમાં, Modern Science ના Bio-technology - Nano technology, Bio-Engineering ક્ષેત્રો માં છેલ્લી કેટલીક સદીઓમાં સંશોધન અને વિકાસ અને પ્રયોગો Research-Development and experimentation ના નામે જે ધનરાશિ વપરાઈ છે, તે ધનરાશિ જો સમગ્ર વિશ્વની ગરીબ પ્રજાને આપી દેવામાં આવી

હોત તો, તેમની ગરીબી સદાને માટે દૂર થઈ ગઈ હોત. આટઆટલી ધનરાશિના વપરાશ પછી પણ આધુનિક વૈજ્ઞાનિકો અને તેમના જ્ઞાનની તાકાત નથી કે આવા Chemicals ના compounds માંથી animals ની ઉત્પત્તિ થઈ શકે છે તે જાણે અને જણાવે. વૈજ્ઞાનિકોનું કહેવાતું જ્ઞાન અને બુધ્ધિમત્તાનું સ્તર આપણા રાજગૃહીના મંત્રીશ્રી અભયકુમારના જીવ વિજ્ઞાન, શુકન-અપશુકન અને એવા તો અનેક વિષયો સંબંધી જ્ઞાન આગળ વામણું પૂરવાર થાય એમ નથી લાગતું ? ! ! !

હવે આપણી વાત પણ કરી લઈએ. આપણને તો ખાધા પછી પણ ખબર પડતી નથી કે લાડુ ચુરમાના હતા કે મોતીચૂરના ? સાપની દસ જાત બતાવે તો પણ ઓળખી ન શકીએ; નથી આપણને શુકન-અપશુકન શાસ્ત્ર ની પ્રાથમિક સમજણ !

હવે મૂળ વાત પર આવીએ આવા અભયકુમાર જેવા બુધ્ધિશાળી, કાર્યકુશળ, સુયોગ્ય, જાણકાર, મંત્રીઓની ઉપસ્થિતિ વિશાળ સંખ્યામાં હોય, જાણકાર તબીબોની લંગર હાજર હોય; તો પણ જીવને મૃત્યુના મુખમાંથી ન છોડાવી શકે ! 'રામ બોલો, ભાઈ રામ' થઈ શકે ! ! તમારી ભાષામા'' modern language માં તમે શું કહો ?

જિજ્ઞાસુ : He left his soul" - અર્થાત્ એણે એના આત્માનો ત્યાગ કર્યો.

ગુરુજી: 'આર્ય ! વિચાર કર, અહીં પાયાની ભૂલ થઈ રહી છે ! The basic mistake - a misconception! તેણે એના આત્મા - Soul નો ત્યાગ કર્યો.

વાસ્તવ માં તો જીવે દેહનો ત્યાગ કર્યો છે. પણ પશ્ચિમી સંસ્કૃતિમાં

દેહ-શરીર જ મુખ્ય છે; જ્યારે ભારતીય સંસ્કૃતિમાં આત્માની જ મુખ્યતા છે. મૃત્યુ થાય તો આત્માથી દેહ છૂટો પડ્યો અર્થાત જીવે દેહ ત્યાગ કર્યો એમ કહેવાશે.

તાત્પર્ય એ છે કે પશ્ચિમી સંસ્કૃતિ ના પાયો જ શરીર છે; તેમની વિચારસરણી, even philosophy પણ શરીર લક્ષી છે, જ્યારે ભારતીય તત્ત્વજ્ઞાન વિચારસરણી અને જીવનપદ્ધતિ પણ આત્મ લક્ષી છે.

''સાવ સોનાનાં રે સાંકળાં, પહેરણ નવ નવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા.'' (૩)

બાળપણમાં શાળામાં ભણતા, ત્યારે ઘણી વાર એક બીજાને ઉતાણાં, પૂછતા, ત્યારે એક વખત પ્રશ્ન કરવામાં આવ્યો કે ऐसी कौन सी वस्तु है कि जो खरीदता है, वह उसे पहनता नहीं; और जो पहनता है वह उसे खरीदता नहीं ? વિચાર કર્યા પછી ઉત્તર મળ્યો ''કફન''!

આ જ વાત કવિશ્રીએ અદ્‌ભુત રીતે કરી છે ! જ્યાં સામાન્ય રીતે, રોજ બરોજ મા, શુધ્ધ સોનાના હીરાજડિત અલંકારો, ધારણ કરાતા હોય, રત્નકંબલો ના ખડકલા હોય, નિતનવા અનેકવિધ વસ્ત્રોની વણજાર અવિરત હોય, વળી એ Dresses પણ વિશ્વ ના સુપ્રસિદ્ધ Brand ના હોય, Designer કક્ષાના હોય. (sale માંથી કે રસ્તા foot-path ઉપરથી લીધેલા સમજવાની મૂર્ખામીભરી ભૂલ તો તમે ક્યારેય નહીં કરતા! અને હા... use and throw - never repeat ની નિયમ પદ્ધતિથી જ પહેરાતાં હોય; એવા રાજઘરાના Royal વ્યક્તિઓની આ વાત છે.

તમારી ભાષામાં - ત્રિભોવનદાસ ભીમજી ઝવેરીની દુકાન જ્યાં આખીને આખી ઠલવાતી હોય અને મોંઘાદાટ branded વસ્ત્રો નિરંતર જ્યાં પોતાનું સ્થાન બનાવતા રહેતા હોય; ત્યાં પણ અંતે તો એ વ્યક્તિને પહેરવા માટે શું કામ આવ્યું; એક ધોળું વસ્ત્ર જ ને ?

મને એવો ચોક્કસ વિચાર આવે છે કે જીવનનો કેટલો બધો સમય માત્ર વસ્ત્રો અને અલંકારો ની ખરીદીમાં આપી દીધો ?! આખરે મળ્યું શું ? મેળવ્યું શું ?

જ્યારે - ત્યારે ગમે તે (ક) સમયે મોટા-મોટા Malls માં, Time-pass કે પછી time-waste કરવા, વિના કારણે, એક શોખ રૂપે, ખરીદી કરવા માટે સદા તૈયાર અને વાસ્તવમાં તેમ કરનારા તમને જોઈને મને એમ થાય કે આવું શાણપણ(!) કે પછી ગાંડપણ શા માટે ?

સ્થંડિલ ભૂમિ તરફ જતા રસ્તા માં - 'હિન્દુ પ્રેત વિધિ' માટેના સામાન વિક્રેતા ની દુકાનમાંથી ઘણી વાર, કોઈના માટેની આખરી ખરીદી થતી સહજ રીતે નજરે પડે, ત્યારે મને એ દુકાનનું નામ 'હિન્દુ પ્રેત વિધિ સામાન' ને બદલે તો "shopping stopper's shop" ખરીદી કરતાં અટકી ગયેલા, થંભી ગયેલા - બંધ થઈ ગયેલા માટેની દુકાન!!!

પ્રસ્તુત છે આ સંદર્ભમાં - ઈતિહાસનો એક પ્રસંગ. દિવ્ય કુંડળ, દિવ્ય હાર, દિવ્ય વસ્ત્રો ધારણ કરીને સેચનક હાથી પર આરૂઢ થઈને વિહરી રહેલા પોતાના દિયરો - હલ્લ અને વિહલ્લ ને જોઈને, શ્રેણિક મહારાજાના પુત્ર કોણિકની પત્ની પદ્માવતીને આ દિવ્ય વસ્તુઓ વિનાનું, પોતાના પતિ કોણિકનું રાજ્ય, આંખ વિનાના મુખ સમાન ભાસવા

લાગ્યું. ઈર્ષ્યાની આગમાં આવી જઈ તેણે પોતાના પતિ કોણિકને કહ્યું - "કોઈ પણ રીતે આપ, દિવ્ય હાર, ઈત્યાદિ વસ્તુઓ હલ્લ-વિહલ્લ પાસેથી લઈ લો." કોણિકે કહ્યું - "એ વસ્તુઓ તો એમને પિતાશ્રીએ આપેલી છે, તે પાછી લઈ લેવી યોગ્ય નથી. વિશેષ માં તો પિતાશ્રીની અનુપસ્થિતિમાં, એમની સાથે મારો વ્યવહાર સવિશેષ સારો હોવો જોઈએ.

કહેવાય છે કે - માગણ, છોરુ, મહીપતિ ને ચોથી ઘરની નાર. ક્યારેય માગવાનું ચૂકે જ નહીં. વારંવાર, સતત માગણી કર્યા કરે.

શાસ્ત્રમાં સ્ત્રીઓનો આગ્રહ - હઠાગ્રહ માટે લખ્યું છે કે કીડી મંકોડાના આગ્રહથી પણ વિશેષ હોય છે. કીડી મંકોડા જ્યાં ચોંટશે ત્યાં પોતે મરી જશે, પણ ત્યાંથી ઉખડશે નહીં, છૂટા નહીં થાય.

અંતે, પદ્માવતી રાણીના આગ્રહથી કોણિકે ચારેય વસ્તુઓ હલ્લ-વિહલ્લ પાસેથી માંગી. 'જેવી આપની આજ્ઞા' કહી હલ્લ-વિહલ્લ પોતાના સ્થાને ગયા, પણ ત્યાંથી પહોંચ્યા, સીધા ચેટક (ચેડા) મહારાજાના શરણે. કોણિકે દૂત મોકલ્યો. ચેડા મહારાજા એ કહેવડાવ્યું - "તેઓ મારા શરણે છે. તેમનું રક્ષણ કરવું મારી ફરજ છે, ચારેય વસ્તુઓ પણ નહીં મળી શકે."

વિચાર કરજો, આ વસ્તુઓ માટે કેટલી ખાના-ખરાબી-ખુવારી થઈ હશે ? કોણિકના પક્ષે ૧૦ ભાઈઓ, ૩૦૦૦ હાથીઓ, ૩૦૦૦ અશ્વો, ૩૦૦૦ રથ, ૩ ક્રોડ પાયદળનું વિશાળ સૈન્ય હતું. સામે પક્ષે, ચેડા મહારાજા સાથે ૧૮ મુકુટબદ્ધ રાજાઓ, હાથીઓ, અશ્વો, રથ, પાયદળ સહિતનું સૈન્ય હતું. ઈતિહાસમાંનું એક ભયાનક યુદ્ધ ખેલાયું.

ભાંગેલા રથો, હણાયેલા વીરોને કારણે વહી ગયેલા લોહીની નદીઓ જાણે જળમાનુષ અને બેટો વાળી હોય; એવી ભાસવા લાગી. કોણિકના કાલ વગેરે દસેય ભાઈઓ, મરણને શરણ થયા. અંતે થાકેલા કોણિકે દેવતાનો સહારા લેવાપૂર્વક, ચમરેન્દ્રની સહાયતા માગી, ચેડા મહારાજા કે જેઓ પોતાના સગા નાનાજી (માતાના પિતાશ્રી) હતા તેમને હણવા માટે તેણે (કોણિકે) ચમરેન્દ્રને જણાવ્યું ! ચમરેન્દ્રએ સ્પષ્ટ રીતે કોણિકને જણાવ્યું. એ નહીં થઈ શકે. તેઓશ્રી તો મારા સાધર્મિક છે. બહુ-બહુ તો હું તારી રક્ષા કરીશ, તેઓ તને પરાજિત નહીં કરી શકે.'' ધન્ય છે ચમરેન્દ્રની સાધર્મિક પ્રત્યેની ભક્તિને ! શાંતિથી વિચારજો ! લાંબા સમય સુધી ચાલેલા આ યુદ્ધને અંતે મહાસંહાર-મહાવિનાશ થયો. ખરેખર ! જર, જમીન ને જોરુ, ત્રણેય કજિયાના છોરુ !

કોઈના હાથમાં કંઈ આવ્યું નહીં. પ્રાન્તે તો શોધ કરવી રહી, ધોળા વસ્ત્રની - કર્મના ધોળા વસ્ત્રની.

ચરુ કઢાઈઆ અતિ ઘણાં, બીજાનું નહીં લેખું;
ખોખરી હાંડલી એના કર્મની, તે તો આગળ દેખું.।।૪।।

પૂર્વજોએ દાટેલો ખજાનો - પણ, જો પુણ્યનો ઉદય હોય તો જ પામી શકાય; બાકી તો, ગમે તેટલું ઊંડું ખોદકામ કરો - કોલસા જ નીકળવાના ! હું એવી વ્યક્તિને જાણું છું, જેમના મનમાં હતું કે પોતાના બાપદાદા-ઘરમાં ક્યાંક ખજાનો દાટી ગયા છે. એમને અનેક વાર ઘરના અમુક વિભાગ ખોદાવ્યા; પણ - બધું જ વ્યર્થ. ખજાનાને બદલે. તેમને કાળા કોલસા જ હાથ લાગ્યા ! એમની સ્મશાનયાત્રામાં ખાલી ખોખરી

- હાંડલી તો મેં જાતે-જોઈ છે.

પણ અહીં તો મોટા -મોટા ચરુઓની વાત છે.

જિજ્ઞાસુ : "જો ખજાનો દાટ્યો હોય તો તે નીકળે જ ને ?"

ગુરુજી : "આર્ય ! જેનો માલિક હવે રહ્યો નથી એવો ખજાનો - ઘણી વાર તિર્યગ્ જૃંભક દેવો, પરમાત્માના કલ્યાણકાદિ માટે, લઈ જતા હોવાથી ન પણ નીકળે."

વિશ્વના ઈતિહાસમાં, most valuable, મસમોટા-બહુમૂલ્ય - ખજાનાઓમાંના એકની વાત, કાંઈક આ પ્રમાણે છે, જે સાંભળતાં જ સૌ કોઈની આંખો આશ્ચર્યથી પહોળી થઈ જશે ! ઈજિપ્ત પિરામિડોમાં દટાયેલો ખજાનો પણ જેની સરખામણી માં ચણા-મમરા-તુલ્ય-તુચ્છ લાગે, એવા ખજાનાની આ વાત છે. ચીની સમ્રાટોના કબ્જામાં રહેલા સિસિયા અને કારા કિનાઈ નામના બે સામ્રાજ્યો, ચંગીઝખઆને ખાલસા કર્યા. 150 ગાડાઓ ભરાય એટલું ઝવેરાત તેણે બંને સમ્રાટો પાસેથી ખંડણીમાં માગ્યું. વિચાર કરજો, ખજાનો કેટલો મૂલ્યવાન હશે ? આ ખજાનો ચંગીઝખાને પોતાના વારસદારો ને ન આપતાં, તેને દાટી દેવાનો નિર્ણય કર્યો.

જિજ્ઞાસુ : "શા કારણથી એણે આ પ્રમાણે નિર્ણય લીધો ?"

ગુરુજી : "મુખ્યતયા બે કારણોથી. એક તો વારસદારો, તદ્દન આળસુ - બની જાય અથવા જો વારસદારો અન્ય કોઈથી હારી જાય, તો ખજાનો ગુમાવી બેસે. તેઓ જેનાથી હારી જાય, તે જ મહાસમ્રાટ બની જાય; વધારામાં ખજાનાનો માલિક પણ બની જાય એ ચંગીઝખાનની

નામના ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂળમાં મળી જાય, જે નામના અને ખજાનો મેળવવા ચંગીઝખાને કેટલાય સમય અને શક્તિનો ભોગ આપેલો. બાબરે આપેલું રાજ્ય હુમાયુ હારી જ ગયો હતો ને ?

ચંગીઝખાન પોતાના આ મહાખજાનો દાટવા માટે, ૨૦૦૦ માણસો ને અને સાથે કેટલાક અત્યંત વિશ્વાસુ મિત્રોને, મધ્ય એશિયા માં આવેલા Mongolia 'મૉન્ગોલિયા' નામના ટચૂકડા દેશમાં લઈ ગયો. મૉન્ગોલિયન ભાષામાં આવા મિત્રોને 'નૂકૂર' કહેવાય છે. આવા મિત્રો કરેલી સહાયના બદલામાં ક્યારેય કશું જ માગે નહીં, એટલું જ નહી; જરૂર પડ્યે - વખત આવ્યો even પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દેતા હોય છે. આવા હોય છે નુકૂરો !

ચંગીઝખાનના ૨૦૦૦ માણસોએ આ ખજાનો તો દાટી દીધો, પણ એમાંનો કોઈ પણ જો આ ખજાનાની જાણ અન્ય કોઈને કરી દે, તો.... ? વાત ખુલ્લી પડી જાય. આથી ચંગીઝખાનના નૂકૂરોએ (વિશ્વાસુ મિત્રોએ), આ તમામ ૨૦૦૦ માણસોને મારી નાખ્યા; એમના મૃતદેહોને પણ દાટી દેવાયા. તેઓને ક્યાં દાટી દેવાયા છે, એની આજ સુધી કોઈને, કંઈજ ખબર નથી !

આટલો મોટો ખજાનો, જે દેશમાં દટાયેલો છે; તે મૉન્ગોલિયા સરેરાશ વ્યક્તિ - વતની 'સુદામા' જેવો ગરીબ છે ! કેવી કરૂણ પરિસ્થિતિ ! કેવું દુર્ભાગ્ય !

વિશેષમાં મૉન્ગોલિયાની સરકારે પણ, આ ખજાનાની શોધ ખોળ માટે પરવાનગી - આપી છે. ખજાનામાં યોગ્ય હિસ્સો આપવાની જાહેરાત પણ કરી છે.

આ બધું તો ઠીક મૂળ વાત....કદાચ આ ખજાનો તે દેશના નાગરિક - વતની પાસે કે even તમારી પાસે પણ આવી જાય, તો પણ અંતે શું ? એક ખોખરી હાંડલી જ ને ? એ પણ આખી નહીં ! એ જ તમારા નસીબમાં, બરાબર ને ? માટે સાનમાં સમજી જાઓ. તમારી સાથે કાંઈ જ અને કોઈ જ નહીં આવે ! માત્ર અને માત્ર તમે પોતે જ !

અરે ! થોડા સમય પૂર્વે ધીરુભાઈ અંબાણી જ સાબિત કરી ગયા છે કે રૂા.૬૫૦૦૦ કરોડમાંથી એક પણ પૈસાએ તેમની સાથે જવાની તૈયારી બતાવી નહીં !!! ખરેખર ! 'ખોખરી હાંડલી 'મારા' કર્મની' Think it over - વિચારજો.

''કેના છોરુ, કેના વાછરુ, કેના માય ને બાપ;

અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ.'' (૫)

'છોરુ' શબ્દનો અર્થ 'પ્રજા' અને બીજો અર્થ 'સંતાન' પણ થાય; અહીં છોરુ અર્થાત્ પ્રજા અને વાછરુ એટલે છોકરું-સંતાન, એમ અર્થ લઈશું.

સામાન્યતયા આર્ય સંસ્કૃતિના ઈતિહાસને લગતા કોઈ પણ ગ્રંથની શરૂઆત કંઈક આવી હોય - ...... નગરમાં ......... રાજા રાજ્ય કરતો હતો. રાજાનું નામ શરૂઆતમાં જ - આવે. એટલે પ્રજા હંમેશા ગૌરવ અનુભવતી કરતી કે મારા રાજા આ છે, જો કે અહીં કવિશ્રી બતાવવા માગે છે. ''તમારો સ્વામી ગમે તેટલો શક્તિમાન હોય, ગમે તે રાજાની તમે પ્રજા હો, પણ મૃત્યુ તો કોઈને પણ માટે અફર જ છે.''

પોતાના સ્વામી અંગેના ગૌરવનું વર્ણન 'આર્ષભિય' મહાકાવ્યમાં

ખૂબ સુંદર રીતે કર્યું છે - ભરત મહારાજાનો દૂત બાહુબલીના રાજ્ય - તક્ષશિલામાં જાય છે. એને જોઈને લોકો પ્રશ્ન કરે છે, ''કોણ છે તું ? તે કહે છે, ''હું ભરતનો દૂત છું.'' એને ગૌરવ છે પોતાના સ્વામીનું. આ તક્ષશિલાના લોકોને, એનાથી પણ વધારે પોતાના સ્વામીનું ગૌરવ છે. તેઓ બોલ્યા ''ભરત તો અમે ક્યાંક સાંભળ્યું છે;... કે....હા, ભરત અમે ક્યાંક સાંભળ્યું છે. ક્યાં ? હા, બરાબર યાદ આવ્યું ! બહેનો વસ્ત્રોમાં જે ભરત ભરાવે એ ભરત, તેના સિવાય બીજા કોઈ ભરતને અમે ઓળખતા નથી. એટલે કે આ લોકોને પણ... બાહુબલીની પ્રજાને પણ પોતાના સ્વામીનું ગૌરવ છે. આ ભરત રાજા તો કંઈ નથી. અમારો સ્વામી અદ્વિતીય છે, અનુપમ છે. આવા સ્વામીની પ્રજા પણ અંતકાળે તો મરણને જ શરણ થાય છે. બાહુબલી છે તો કેટલો શક્તિશાળી; કહેવાય છે કે ચક્રવર્તીને કોઈ હરાવી ન શકે. સૌથી વધારે બળ તીર્થંકરનું હોય, ત્યાર પછી ચક્રવર્તીનું હોય.

ચક્રવર્તીની શક્તિ માત્ર તેની બાહુઓનું બળ કેટલું છે તે સમજાવવા તેમણે સેવકો દ્વારા વિશાળ અને ઊંડો ખાડો ખોદાવ્યો. પોતે ખાડાના કિનારે બેઠા અને પોતાના ડાબા હાથ ઉપર ૧૦૦૦ મજબૂત સાંકળો બાંધી પછી પોતાના સૈનિકોને કહ્યું. નિર્ભયપણે, ખચકાટ વિના પૂરી તાકાતથી મને ખેંચો અને આ ખાડામાં નાખો. તમામ સૈનિકો ચક્રવર્તીની બાહુઓ પર બાંધેલી સાંકળો ખેંચવા લાગ્યા. પણ ચક્રવર્તીભરત મહારાજાએ પોતાનો હાથ ખેંચતાં જ સર્વ સૈનિકો બધા જ એકી સાથે પડી ગયા. આવા ચક્રવર્તીને પણ હરાવવાની તાકાત આ બાહુબલીમાં છે. તમે ભરત કે બાહુબલીની પ્રજા કે સંતાન હો તો પણ અંતે તો મોતને શરણે થવું જ પડશે. 'કોના માય અને કોના બાપ'... ભલે તમે

કોઈના પણ માતા હો કે પિતા હો; જબરદસ્ત તાકાત ના ધણી એવા શ્રી કૃષ્ણ વાસુદેવના માતા અને પિતાને પણ દ્વારિકા નગરીમાં દાહ લાગતાં મરી જવું પડ્યું. શ્રી કૃષ્ણ વાસુદેવ અને બળદેવ બંને ઉપસ્થિત હોવા છતાં એમને બહાર કાઢી શક્યા નહીં, ઉગારી શક્યા નહીં, બચાવી શક્યા નહીં.

આજની જ વાત કરીએ, તો પૂરા વિશ્વમાં જેનો ડંકો વાગે છે, એવા કહેવાતા અમેરિકા માં આવેલા World trade centre - W.T.C. (વિશ્વ વ્યાપાર કેન્દ્ર) પર ઓસામા બિન-લાદેને એમના જ Aeroplanes થી હુમલા કર્યા. એ વાતથી આપણે અજાણ નથી.

અરે, આફતો માનવ સર્જિત હોય કે કુદરતી - ભલેને તે નીલમ, સુનામી કે સૅન્ડી રૂપે; વાવાઝોડા હોય; ધરતીકંપ કે બરફના કરાં ના વરસાદ રૂપે હોય; કોઈને પણ કાયમ માટે મૃત્યુના મુખમાંથી બચાવી શકાય, એ શક્ય જ નથી.

સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહીં, બેઠી ધ્રુસકે રૂવે ।।૬।।

મહાન નાટ્યકાર ભવભૂતિએ શ્રી રામચંદ્રજીના લંકા વિજય પછી, રાજ્યાભિષેક થયા બાદના જીવન-ચરિત્રનું નિરૂપણ કરતું ''ઉત્તર રામ ચરિત્ર'' નામનું નાટક રચ્યું છે.

સર્વત્ર આનંદ-મંગલ છે. સીતાજી ગર્ભવતી છે. અચાનક તે જ સમયે, સીતાજી વિશેના લોકાપવાદ રામચંદ્રજીના જાણવામાં આવે છે. તેઓશ્રી સીતાજીનો ત્યાગ કરે છે. ત્યારે માતાઓ અયોધ્યા નગરીમાં

નથી; બધા વડીલજનો પણ બહાર છે. તેમણે સીતા-ત્યાગના સમાચાર સાંભળ્યા, ત્યારે તેમનો પ્રતિભાવ આ પ્રમાણે છે - સીતાવિહોણી અયોધ્યામાં અમે પગ નહીં મૂકીએ. ખરેખર જ્યાં સુધી સીતાજી પાછા અયોધ્યામાં ન આવ્યા, ત્યાં સુધી તેમણે અયોધ્યામાં પગ ન જ મૂક્યો.

ઉપરોક્ત કથાનક, તમારે માટે સમજવું, ખરેખર અઘરું છે. કારણ - આજે શંકર ઘરમાં પ્રવેશ્યો નથી, કે પાર્વતીએ, માની મોકાણના શ્રીગણેશ કર્યા નથી! માતાનો પક્ષ લે તો રાત બગાડે, પત્નીનો પક્ષ લે તો દિવસ! અને હા.. બંનેનો પક્ષ લે તો રાત દિવસ બંને બગાડે!! જો કોઈનો પણ પક્ષ ન લે તો...., ઉત્તર ધ્રુવ અને દક્ષિન ધ્રુવ બંનેને કેન્દ્રસ્થાને લાવવા કોઈ 'શિવાજી' સમર્થ નથી.

હકીકતમાં આજના આવા કાળમાં, કવિશ્રીની પંક્તિઓ સમજવી અત્યંત અઘરી છે; સમજાવવી તો વધારે અઘરી!

કલિકાળ સર્વજ્ઞ, સમર્થ આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્ય દ્વારા રચિત, મહાન ગ્રંથ 'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર'માં સતી સીતાજીના વનવાસનો પ્રસંગ આલેખાયેલો છે, જેમાં સીતાજીને વનમાં ત્યજી દેવા, મોકલાયેલા સારથી કૃતાંતવદન, તેમને કહે છે - ''આપશ્રી રાવણને ત્યાં અમુક સમય રહ્યા; તે અંગેના લોકાપવાદ (public opinion) થી ભય પામીને, રામચન્દ્રજીએ આ ગાઢ વનમાં, તમને ત્યજી દેવાની મને સૂચના કરી છે.'' આ સાંભળીને સીતાજી-મૂર્છા પામે છે. જ્યારે ભાનમાં આવે છે - ત્યારે રામચન્દ્રજી માટે અંતિમ સંદેશ - મોકલતાં કહેવડાવે છે ''લોકાપવાદથી ભય પામ્યા, તો મારી પરીક્ષા કેમ ન કરી? કાંઈ વાંધો નહીં, હું મંદ ભાગ્યવાળી - આ જંગલમાં મારા કર્મોને ભોગવીશ

પણ હે સ્વામિન્ ! જેવી રીતે દુર્જનની વાણીથી, તમે મને એકદમ છોડી દીધી, તેમ કોઈ મિથ્યાદ્રષ્ટિની વાણીને પરિણામે, શ્રી જિન-ભાષિત ધર્મને છોડશો નહીં.''

વિચારજો ! સજ્ઝાયમાં કર્તાશ્રીએ લખ્યું - ''આ વનની અઘોર ઝાડીમાં, જ્યાં શબ્દ ભયંકર થાય; આવી અટવીમાં કેમ રહેવાય ?'' આ અટવીનું નામ જ સિંહનિનાદ છે જ્યાં સિંહોની ગર્જરા સાંભળાય જ કરતી હોવાથી સિંહનિનાદ નામ છે.

સંબંધોની દુનિયમાં કહેવાય છે કે 'સાસુને ખૂબ આદરભાવ અને અત્યંત લાગણી, રાગ જમાઈ ઉપર હોય છે. જમાઈરાજા આવે એટલે, સાસુ સ્મશાનમાંથી પણ ઊભી થઈને આવી જાય'.

એક વખત સાસુજીને થયું - 'જોઈએ તો ખરા, કે મારા ત્રણ જમાઈઓને મારી ઉપર કેટલો રાગ છે ?' એટલે સાસુજી ગયા ચોપાટી, તેમણે દરિયામાં લગાવી ડૂબકી. સૌથી મોટા જમાઈએ તેમને બચાવી લીધી. તેમણે જમાઈરાજાને 'નેનો' કાર અંદાજિત ૧ લાખ રૂા. ની ભેટ આપી. એક વખત્ ફરી સૌ 'મફતલાલ બાથ' માં ફરવા ગયા. સાસુજીએ સ્વીમીંગ પુલ માં ડૂબકી લગાવી, પડતું મૂક્યું. વચલા જમાઈરાજે તેમને બચાવી લીધા સાસુજીએ જમાઈને 'હોન્ડા-સિટિ' કાર ભેટ આપી. (અંદાજિત ૧૦ લાખ રૂા.ની)

વળી એક વખત સાસુજીએ ટિકુજીની વાડી ના સ્વીમીંગ પુલ માં ડૂબકી લગાવી. સૌથી નાનો જમાઈ હેતુપૂર્વક ત્યારે હાજર હતો. તેણે સાસુજીને બચાવી જ નહીં. સાસુજી મરણ પામ્યા. પણ આ વખતે એના આશ્ચર્ય વચ્ચે સસરાજીએ જમાઈને 'ફેરારી કાર' ભેટ આપી!!!

(અંદાજિત કરોડ આસપાસની).

પતિ-પત્ની ના આજકાલના આવા કહેવાતા સંબંધો દર્શાવતો એક અન્ય કિસ્સો, જાણીએ. અરે, માણીએ!

એક સ્ત્રીએ પોતાના કાર-ડ્રાઈવરને નોકરીમાંથી છૂટો કર્યો - કાઢી મૂક્યો. તેના પતિએ તેનું કારણ પૂછ્યું. તેણીએ કહ્યું કે બે વાર અકસ્માત થતાં થતાં રહી ગયો. પતિએ જવાબ આપ્યો - ''એને ફરી એક તક આપો.''

જેમની પત્ની, Care (સંભાળ) ન લેતાં, કાળો કૅર વર્તાવતી હોય; પતિને હાથ જોડવાને બદલે, હાથ જોડાવતી હોય; સંબંધોની લાગણી તળિયે બેઠેલી હોય, ખાડે ગયેલી હોય એમને આ પંક્તિઓ ન સમજાય, એ સ્વાભાવિક જ છે.

પણ સીતાજી જેવી સતી સ્ત્રીઓનું પણ મૃત્યુ આગળ કંઈ જ ચાલી શકતું નથી. તેઓ પણ માત્ર મૂક પ્રેક્ષક બનીને રહી જાય છે.

અન્ય સ્ત્રીઓ તો રુદન - વિલાપ - કલ્પાંત (lamentation) કરતી રહી જાય છે. મૃત્યુ હરકોઈને પરવશ કરી દે છે, અસહાય બનાવી દે છે.

વહાલાં તે વહાલાં શુ કરો, વહાલાં વોળાવી વળશે;
વહાલાં તે વનનાં લાકડાં, તે તો સાથે જ બળશે ।।૭।।

દૂરથી 'રામ બોલો ભાઈ રામ', 'રામ નામ સત્ય હે' ના અવાજ સંભળાતા હતા. ગણતરીની મિનિટોમાં 'સ્મશાન યાત્રા' લગભગ નજીક આવી ગઈ. 'જરૂર કોઈ ગુજરી ગયું હશે' એમ વિચારી રહ્યો હતો, એ દૃશ્ય જોતાં જ હું આશ્ચર્ય પામ્યો - સૌથી આગળ દોણી લઈને ચાલી

રહેલા up-to-date યુવાને, રસ્તામાં મારી બાજુમાં રહેલા ભાઈને પૂછ્યું - અરે ભાઈ! સ્મશાને જવા માટે કોઈ, Short-cut ખરો ? પેલા ભાઈએ મનોમન દાઢમાંથી બોલતાં કહ્યું - મિત્ર! એક વાર ઊંધા રસ્તે ચડી જાઓ, તો સ્મશાને પહોંચતા વાર ન લાગે!'

Junk Food (તદ્દન બિનસ્વાસ્થ્યપ્રદ, અભક્ષ્ય ખોરાક), cigars (સિગરેટ), wine (શરાબ) - speculation (સટ્ટો) તથા સુંદરીઓ (women) ના વ્યસનોના, ઊંધે રસ્તે ચડી જાઓ; આત્મઘાતક પરિસ્થિતિ નજીક છે. સ્મશાન હાથવેંતમાં જ છે!!! આવાસથી અડ્ડાઓ તરફ, અંતે અનંતની યાત્રાએ, ઈસ્પિતાલ થઈને અથવા Direct સીધા જ આદતોને જ કારણે, અંતે આત્મા દુર્ગતિમાં!

NRI (બિન નિવાસી ભારતીય) - લાગતો યુવાન ઘડીભર તો વાત સમજ્યો નહીં, પણ થોડી વાર પછી બોલ્યો - મારા દાદાજી મરણ પામ્યા છે. હું તેમની સ્મશાનયાત્રા માટે આવ્યો છું; પણ મારે આજે જ સાંજની ફ્લાઈટ પકડવાની છે. તમે અહીંના જાણીતા લાગ્યા, એટલે મેં તમને પૂછ્યું કે - સ્મશાન માટેનો કોઈ ટૂંકો રસ્તો ખરો ?

જોયું ને ? છે ને ગજબનું આશ્ચર્ય! ખાસ દુકાન, મકાન કે રસ્તો ક્યાં છે, એવું પૂછનારા તો મળી આવે છે; પણ સ્મશાન માટેનો short-cut પૂછવાવાળો પ્રથમ વાર ભટકાયો! મારે તો એ NRI (Non Responsible Indian) 'બિનજવાબદાર ભારતીય' ને કહેવું હતું કે ૯૦ વર્ષે ગુજરી ગયેલા દાદાજીએ જીવન નો Such a long cut લીધો; ત્યાં સુધી એમની ચિંતા - કાળજી - સંભાળ અને ખબર અંતર માટે - કાંઈજ ન કર્યું. હવે એમના મરણ પછી - સ્મશાને પહોંચાડવા તું short-

cut પૂછે છે !!!

સમજાયું કે ? વહાલા કેવા અને વળાવવાવાળા પણ વળી કેવા ? વળાવવા માટે આવવામાં પણ મન (રસ) નહીં; બેજવાબદારપણું !! તદ્દન લાગણી શૂન્યતા !!!

પૂર્વે તો, સ્મશાનયાત્રા જોઈને પણ, રસ્તે ચાલતી વ્યક્તિઓને વૈરાગ્ય થયાના ઢગલાબંધ ઉદાહરણો આ આર્યભૂમિમાં જોવાયા છે, પણ આજે તો માત્ર ભાગંભાગ - દોડાદોડ સિવાય કંઈ જ રહ્યું નથી. વર્તમાનમાં તો મૃતદેહ માટે ગાડી આવી ગઈ.

વિદેશમાં તો સરકારી વાહન આવીને મૃતદેહને લઈ જાય; એ કહેવાતી સંસ્કૃતિ અહીં આવી રહી છે, એ દિવસો દૂર નથી ! પડોશીઓને ખબર પણ ન પડે કે 'ભાઈ પરલોક સિધાવ્યા'

કવિશ્રી જો કે આવા અત્યંત તામસી કાળની વાત નથી કરી રહ્યા; પણ સાત્ત્વિક અને રાજસી વૃત્તિઓ હતી, એવા સમયમાં પણ માણસ મરણ પામે, ત્યારે વહાલાઓ શું કરે ? એ તો વળાવીને પાછા વળી જશે. વાસ્તવમાં તો વહાલાં થશે વનના લાકડાં, - જે સાથે બળશે.

જો કે તમારા નસીબમાં તો એ 'વહાલાં-લાકડાં' પણ હશે કે નહીં ? કોને ખબર ? કારણ હવે તો વિદ્યુત્શક્તિના High voltage વાળા - સ્મશાનો પણ કાર્યરત્ છે.

કંઈ નહીં તો at least તમારી પ્રાર્થના સભામાં છેલ્લે-છેલ્લે પણ કહેવાતા વહાલાઓ NRIS (Non-responsible Indians) જરૂર પહોંચી આવશે. 'શાંતિ બોલાતી હશે ત્યારે શાંતિથી ચૂપચાપ પોતાનું સ્થાન

લેવા! મને જરૂર મનમાં થાય - જનારા પણ Late થઈ ગયા - Late shree...! આવનારા પણ Late (મોડા)!! અહો આશ્ચર્યમ્!!!

નહીં ત્રાપો નહીં તુંબડી, નહીં તરવાનો આરો;
ઉદયરતન ઈમ ભણે પ્રભુ, મને પાર ઉતારો ॥૮॥

સમુદ્રની એક ખાસ લાક્ષણિકતા એ છે કે તેની સપાટી પર સારામાં સારા તરવૈયાઓ પણ, અમુક સમય સુધી જ રહી શકે; ત્યારબાદ તેને પાર કરી જાઓ, તરી જાઓ અથવા તો તેમાં ડૂબી જાઓ તેવી જ રીતે, ૮૪ લાખ જીવયોનિરૂપ સંસાર-સમુદ્રમાં, જીવો ત્રસપણા મનુષ્યાદિ રૂપે, ૨૦૦૦ સાગરોપમ થી વધારે સમય નથી રહી શકતા. અર્થાત્ એટલા સમયમાં મુક્તિપદને પામો અથવા તો સંસારના તળિયે એટલે કે 'સ્થાવર' અવસ્થામાં પહોંચી જાઓ.

સજ્ઝાયમાંની ઉપરોક્ત કાવ્યપંક્તિઓ ની જ્યાં સુધી ઊંડી વિચારણા કરી ન હતી, ત્યાં સુધી; એટલે કે અત્યાર સુધી, આ સંસારમાં જીવે ઘીની આશામાં છાશને બદલે પાણી જ વલોવ્યું છે; પાણી વલોવવાથી કંઈ ઘી કે માખણ મળે ખરા? ક્યારેય નહીં. કદાચ વિચારણા કરી પણ છે, તો એક મૂર્ખ - શેખચલ્લીની જેમ - માત્ર હવાઈ કિલ્લાઓ બાંધીને! દિવાસ્વપ્નોમાં રાચીને!! આજની તમારી જ ભાષામાં કહું તો 'હવામાં ગોળીબાર' કરીને!!! જેમાંના કેટલાક સ્વપ્નો આ પ્રમાણે પણ હશે - ''મોટા થઈને ભણી-ગણીને ખૂબ કમાણી કરીને, કુટુંબીજનો સાથે આનંદ-પ્રમોદ કરીશું, હીંચકા પર બેસીને અલકમલકની વાતો કરીશું; પૌત્રોને નવડાવીશું, રમાડીશું, શાળાએ લેવા-મૂકવા જઈશું, સાંજે ફરવા લઈ જશું, રાત્રે અવનવી વાર્તા કહીશું...'' આવા તો અનેક

અરમાનો હશે. પરંતુ કવિશ્રી તો સ્પષ્ટ શબ્દોમાં ચેતવીને સમજાવી રહ્યા છે. મૃત્યુ થી કોઈ છટકી શકે એમ નથી. વળી જન્મ, વળી મૃત્યુ - ફરી એ જ વિષચક્ર, ફિર વહી કહાની. ઈતિહાસનું એ જ પુનરાવર્તન.

સમુદ્રને તરી જવા માટે નથી કોઈ સાધન - જેમ કે તરાપો - કે તુંબડી, આખરે તરવો પણ કઈ રીતે ? એ પ્રાયઃઅશક્ય છે ! સાધન સામગ્રી અભાવે તો, એ કઈ રીતે બને ? હું ખૂબ જ મુંઝાયેલો છું.

છતાં પણ .... ભવસમુદ્રને તરી જવા, અધ્યાત્મવિશ્વમાં આજે પણ, ''ભમતાં મહાભવસાગરે પામ્યો પસાયે આપના, જે જ્ઞાન-દર્શન-ચરણારૂપી રત્નત્રય દુષ્કર ઘણાં !''

હે પરમ કૃપાળુ, કરુણા વત્સલ પ્રભુ ! આપશ્રી દ્વારા સંસ્થાપિત શ્રી ચતુર્વિધ સંઘ રૂપ ધર્મ - મહાતીર્થ એ તરણ તારણ તરાપા તુલ્ય છે અને સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી રત્નત્રય એ તુંબડીઓ તુલ્ય છે, જેમની સહાયતાથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવી, અનુક્રમે આગળ વધારી, મૃત્યુ પર વિજય અપાવી મુક્તિપદને પ્રાપ્ત કરાવવા દ્વારા હે પ્રભુ ! મને આપ જરૂરથી પાર ઉતારો.

મને કેવળ આશા જ નહીં,

''એક શ્રદ્ધા દિલમાંહી - કે નાથ સમ કો' છે નહીં..
જેના સહારે ક્રોડ તરિયા, મુક્તિ મુજ નિશ્ચય સહી.''

**(મૃત્યુનું મહામૃત્યુ - મોક્ષ)**

mega-death of death-liberation

**મૃત્યુને જ આખરનામું** an ultimation to the death

# સારાંશ

(''અહં'' કાર)
(''મમ'' કાર)

## પરમાર્થ-પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તકો :

૦૧) સારાંશ
૦૨) સુખના સમીકરણો
૦૩) શ્રાવિકા
૦૪) સમજ
૦૫) સમર્પિત
૦૬) સંયુક્ત પરિવારનો મહિમા
૦૭) અતિથી સત્કાર એટલે વિહાર સેવા ગ્રુપ
૦૮) સચ્ચઉરી મંડણ
૦૯) મને વેષ શ્રમણનો મળજો...
૧૦) રાગ ભાગ - ૧ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૧) રાગ ભાગ - ૨ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૨) ક્ષમાધર્મ ભાગ - ૧ (ઉપકારીક્ષમા, અપકારીક્ષમા)
૧૩) ક્ષમાધર્મ ભાગ - ૨ (વિપાકક્ષમા)
૧૪) ક્ષમાધર્મ ભાગ - ૩ (વચનક્ષમા, ધર્મક્ષમા)
૧૫) પ્રાર્થના ભાગ - ૧ (જયવીયરાય સૂત્ર)
૧૬) પ્રાર્થના ભાગ - ૨ (જયવીયરાય સૂત્ર)
૧૭) અદ્દ્ભુત
૧૮) પુરુષાર્થ
૧૯) અવતાર માનવીનો...
૨૦) આશરો
૨૧) વાણી
૨૨) ઈતિહાસ
૨૩) श्राविका (हिन्दी)
૨૪) संयुक्त परिवार की महिमा (हिन्दी)
૨૫) अतिथी सत्कार (हिन्दी)
૨૬) Final Verdict (સારાંશ)
૨૭) Authentic Sukh (સુખના સમીકરણો)
૨૮) Ideal House Wife ( શ્રાવિકા)
૨૯) Importance of Joint Family (સંયુક્ત પરિવારનો મહિમા)
૩૦) Wish You All the Best (જા સંયમ પંથે દીક્ષાર્થી)
૩૧) Dedicated (સમર્પિત)
૩૨) Marvelous (અદ્દ્ભુત)
૩૩) Journey of Enlightenment (સચ્ચઉરી મંડણ)
૩૪) Vihar Seva Group (વિહાર સેવા ગ્રુપ)
૩૫) Understanding (સમજ)

# અહંકાર

"तू नहीं केरा, कोई नहीं तेरा, क्या करे मेरा मेरा;

तेरा है सो तेरी पासे, अवर सब अनेरा।"

આ વિશ્વમાં જીવો, અનાદિકાળથી જન્મ મરણ ના ચક્કર મારવા દ્વારા ૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરે છે.તમે મંકોડાને જોયો છે ? મંકોડો ભીંત પર ચડે, થોડો ચડે, પાછો નીચ પડે, પાછો ચડે, પાછો પડે બાળકો સાપસીડીની રમત રમતાં હોય છે, તેમાં પણ ૯૮ સુધી પહોંચે અને સાપ કરડે અને સીધા નીચે પડે, ફરી એ જ ચડઉતર !

એ જ રીતે જીવો એકેન્દ્રિયમાંથી બેઈન્દ્રિયમાં જન્મ પામે, ફરી એકેન્દ્રિયમાં, વળી તેઈન્દ્રિયમાં... વળી ક્યારેક એકેન્દ્રિયમા તો ક્યારેક પંચેન્દ્રિયમાં તો કયારેક ચઉરિંદ્રિયમાં જીવનચક્ર ચાલ્યા કરે છે.

જીવ જ્યાં પણ જન્મ લે છે, ત્યાં સૌ પ્રથમ આહાર લે છે અને ત્યાર પછી તે શરીરની રચના કરે છે. જીવ શરીર ને જ સર્વસ્વ માને છે. ઈવન ! , આત્માનું એક સ્વતંત્ર અસ્તિત્વ છે અને હોઈ શકે, એ વાસ્તવિકતા તે તદ્દન ભૂલી ગયો છે.

આ જીવ માંકડના શરીરમાં ગયો કે મચ્છરના શરીરમાં, ભૂંડના શરીરમાં કે પછી કૂતરાના, એની માન્યતા હંમેશાં એજ રહી. આ શરીર સાથે જ એણે માલિકી નો ભાવ કેળવ્યો. સહેજે વિચારો ! આ મનુષ્યભવના શરીર સાથેનો સંબંધ થોડા વર્ષોનો જ છે, તો પણ જાણે तेरा मुझसे है, पहले का नाता कोई; यूँ ही नहीं दिल, लुभाता कोई। એવું તેને લાગ્યા કરે છે.

મારું અસ્તિત્વ, આ શરીરથી તદ્દન જુદું જ છે, આવો વિચાર જીવ કરી નથી શકતો. ઈન્દ્રિયો (મન) રૂપેના શરીર ને જ તે પોતાનું અસ્તિત્વ માને છે.

अहम् = હું = ઈન્દ્રિયો અને મન રૂપેનું શરીર. દીર્ઘકાળના અનુભવથી ખોટા પણ દૃઢ થઈ ગયેલા વિચાર ને Misconception (અધ્યાસ ભ્રમણા) કહેવાય છે. જીવને, શરીર વિશે આવો અધ્યાસ થઈ ગયો છે. Introspection (આંતર નિરીક્ષણ) કરતાં સ્પષ્ટ રીતે ખ્યાલ આવશે કે આખા દિવસની વિચારણા માં 'અહંકાર મમકાર' અર્થાત્ હું, મને, મારૂં સિવાયના અન્ય કોઈ વિચારો આવ્યા છે ખરા ? તે પણ શરીર, ઈન્દ્રીય અને મન માટેના જ.

ભૂખ લાગે, તો ખાવાનું બનાવી શકાય, તે માટે અનાજ નો સંગ્રહ. આજકાલ તો જો કે Captain Cook નો તૈયાર લોટ અને તૈયાર સામગ્રી અને તૈયાર વાનગીઓ ઉપલબ્ધ છે. અનાજ ભરી રાખવાની પ્રથા પણ લગભગ જતી રહી છે. જીવોની જયણા સાચવવાની કે આત્માના શુભ શુદ્ધ પરિણામોની વાતો તો ક્યાંથી સંભવે ? શરીર તો સાદા ખોરાકથી પણ પેટ ભરી લે ભૂખ શમાવી દે, પણ રસના જીભ ને ચટાકેદાર, અવનવી વાનગીઓની અપેક્ષા હોઈ, માત્ર છૂંદા કટકીના અથાણાંઓને બદલે, જુદી જુદી જાત ના Readymade sauces & Pickles નો વપરાશ almost નિયમિત થઈ ગયો છે. શાસ્ત્રમાં આવા અભક્ષ્ય વાસી, બોળ અથાણાંઓને, નરકના પ્રવેશ દ્વારોમાંના એક તરીકે ગણાવાયો છે. એમાં અનેક બેઈન્દ્રિયાદિ જીવોની ઉત્પત્તિ કહેલી છે.

અંગોને ઢાંકવા માટે સાદા સુતરાઉ કે માદરપાટના કપડાં પણ

ચાલી જાય, પણ ઈન્દ્રિયોને તો અત્યાધુનિક રંગબેરંગી, Latest Fashion ના જ apparel garments જોઈએ છે. એટલું જ નહીં, વધારામાં લાગતી વળગતી સામગ્રી અને સુગંધી દ્રવ્યો તો ખરા જ.

ગરમી ઠંડી અને વરસાદથી બચવા, ઓછી જગ્યાથી પણ કામ ચાલી શકે, પણ મનની ભૂખને સંતોષવા અને સમાજમાં દેખાડો કરી, 'વાહ વાહ' મેળવવા, 4 BHK નો વિશાળ Flat જ જોઈએ, બરોબરને ?

શરીરને ચુસ્ત અને સ્વસ્થ રાખવા Gym માં જવું પણ જરૂરી અને પુત્ર પુત્રી પરિવારજનો ને ક્યારેય કોઈ મુશ્કેલી ન આવે તે માટે મોટો ધંધો પણ જરૂરી ?

કોઈ પણ પ્રવૃત્તિમાં, શરીર ઈન્દ્રિય મન સંબંધી વિચારણા હશે અથવા તો 'મમકાર' મારાપણાનો ભાવ હશે.

જિજ્ઞાસુ : મારો અને મારા સંબંધીઓ નો વિચાર હોય જ. શા માટે ન હોવો જોઈએ ? શરીર એ હું છું, તો વિચાર શા માટે નહીં ?

ગુરુજી : ભગવાન તો વાસ્તવિક અભિગમ વાળા છે. તમે અને તમારું જે હોય, તેનો વિચાર કરવાની ના નથી પાડતા, પણ જે 'તમે' નથી અને જે 'તમારું' નથી, એનો વિચાર શા માટે કરાય ? ન જ કરાય. કારણ કે તે યોગ્ય નથી. તમે રસ્તામાં જઈ રહ્યા હો, યોગાનુયોગ અન્ય કોઈના લગ્ન પ્રસંગનો વરઘોડો ચાલી રહ્યો હોય તમને એની સાથે કાંઈ સંબંધ પણ ન હોય અને 'मान न मान, मैं तेरा मेहमान।' બનીને એમાં સીધે સીધા નાચવા મંડો તો ચાલે ખરું ? આવા લોકો માટે લોકમાં પણ કહેવાય છે 'જાનમાં કોઈ જાણે નહીં, હું વરની ફોઈ !' 'बेगानी शादी में अब्दुल्ला दीवाना!!'

હું ...શરીર આ સમીકરણ જ ખોટું છે. નરેન્દ્ર મોદી કહે ‘હું Congress માં છું.’ એવું આ વિધાન છે.

‘જે અનુભૂતિ કરે, તે જડ ન હોય અને જડને ક્યારેય અનુભૂતિ થઈ શકે નહીં.’ વાસ્તવમાં જો શરીરની જ કિંમત હોય, તો પ્રાણ નીકળી ગયા પછી, શરીર તો એનું એ જ હોવા છતાં, ગમે તેટલો પ્રેમ હોવા છતાં, કોઈ પણ શા માટે સાચવતું નથી, શા માટે ? મૃતદેહ ને કોઈ બાળી - સળગાવી નાખે તો પણ, તેને ફાંસી જન્મટીપ જેવી કે અન્ય કોઈપણ પ્રકારની, નાની-મોટી સજા પણ થતી નથી. Only because of the fact કે value પ્રાણની છે, શરીરની નહીં.

‘અહં’કાર નું પરિવાર છે શરીર, ઈન્દ્રિયો અને મન. ‘મમ’કાર નું પરિવાર છે - પુત્ર-પુત્રી, પરિવાર, સમાજ, ગામ દેશ વિશ્વ.

અહંકારની ગેન્ગ ના વિસ્તાર થી પણ મમકારની ગેન્ગનો વિસ્તાર ઘણો લાંબો પહોળો મોટો છે.

અહંકારની તમને તમારી જાત પ્રત્યે, અયોગ્ય અભિગમ કરાવશે, જ્યારે મમકારની ટોળકી તમને, જગત પ્રત્યે અયોગ્ય અભિગમ કરાવશે.

સંસારમાં પણ જ્યાં સુધી જેને પોતાનો અને પારકાનો ભેદ ન સમજાય, ત્યાં સુધી તે બાળક જ કહેવાય છે. બાળક ભલેને કોઈને ત્યાં મહેમાન બનીને જાય, ત્યાંની કોઈ પણ વસ્તુ હાથમાં લઈ, બિનધાસ્ત રીતે રમવા લાગે. બાળકને ખ્યાલ પણ ન હોય કે આ રમકડાં પોતાના નથી. થોડા સમયમાં આ રમકડાંઓને છોડીને જવાનું છે. આવી બાળબુદ્ધિ ધરાવનારાઓને કોઈ પણ સમજદાર વ્યક્તિ, જવાબદારી સોંપવા તૈયાર થાય નહીં.

તે જ પ્રમાણે, ધર્મની સમજણ વિનાની વ્યક્તિ બાળક સમાન છે, 'શું યોગ્ય છે ? શું અયોગ્ય છે ?' કર્તવ્ય અકર્તવ્યની ભેદરેખાનું તેને જ્ઞાન જાણકારી નથી.

શું તમે તમારી જાત માટે કહી શકો કે 'મને' મારા અને પરાયાની ભેદરેખા સ્પષ્ટ થઈ ચૂકી છે - હું આત્મા છું. 'મારું શું અને પરાયું શું ? પરાયું મારુ ન લાગે અને મારું પરાયું ન લાગે. તમે આ જાણકારી માન્યતા અંગે સ્થિર ખરા અથવા તમારી પરિસ્થિતિ ચકડોળ જેવી ? સતત ફર્યા જ કરે. તમે ચાહે પારકાને પોતાનું માનો, દુનિયા કંઈ બદલાઈ જવાની નથી. હકીકતો પરિવર્તન પામી શકે જ નહીં.'

જિજ્ઞાસુ : શરીર હોય કે પરિવાર આપણાં જ છે ને ! બીજાનાં ક્યાં છે ?

ગુરુજી : શરીર અને પરિવાર તમારા નથી અને વળી કેવા છે, આ બન્ને બાબતો ક્રમસર વિચારીએ.

ચમન, રમણભાઈને ત્યાં નોકરી કરે છે, પણ તે પોતાનું મનમાન્યું કાર્ય કરે અને શેઠનું એક પણ કામ ન કરે, તો આર્ય ! તું રમણભાઈને ચમનનો માલિક કહીશ ? જી, ના. ક્યારે પણ નહિં ? શા માટે ? કારણ કે ચમન રમણભાઈના નિયંત્રણ માં જ નથી. આખરે નિશ્ચિત શું થાય છે ? જે તમારા તાબા માં હોય, તે જ તમારું. એટલે કે જ્યારે તમને તેનો ઉપયોગ કરવો હોય, ત્યારે થઈ શકે.

કોઈ એક સ્થાન એવું છે કે જેની ખરેખર માલિકી અન્ય સંપ્રદાયની છે, પણ તેનો કબ્જો કોઈ અન્ય સંપ્રદાય પાસે હોવાથી તે સ્થાન અન્ય સંપ્રદાયના કબ્જામાં છે. માલિકનું કંઈ જ ચાલતું નથી. કબ્જો ધરાવનારાઓ

જ માલિક બની બેઠા છે.

બરોબર તેવું જ, તમારા શરીર ઉપર તમારી માલિકી છે ખરી? શરીર તમારા કહ્યામાં છે ખરું ?

"ઘણા વર્ષોના ગાળા પછી તમારા મિત્રો તમારે ત્યાં આવ્યા હોય, તેમને આખી રાત મોજમજા ધમાલ મસ્તી કરી ગામગપાટા મારવા હોય, પણ જો તમારું શરીર ખૂબ જ થાકી ગયું હોય તો તેને આરામ આપવો જ પડે ને ?"

સભા : શરીર જલદીથી થાકી ન જાય તે માટે, દારૂનું સેવન કરીએ છીએ."

ગુરુજી "આર્ય ! આર્યદેશમાં જન્મેલા માર્ગાનુસારીઓને માટે પણ આ બિલકુલ શોભાસ્પદ નથી !"

સેવાભાવી સંસ્થાઓ Blood Donation Drive માટે Camps નું આયોજન કરતી હોય છે. (જો કે રખાય કે નહીં એ ચર્ચાની વિષય) એવી રીતે તમારા નવા વર્ષના દિવસે ૧ લી જાન્યુઆરીએ જો Blood Donation Camp રાખવામાં આવે તો એ લોહીના બોટલો હોસ્પીટલો માં આપવાના બદલે દારૂની દુકાનમાં મોકલાવી પડે કારણ કે ૩૧ ડિસેમ્બર ના એટલો દારુ પીધો હોય જેથી ૧ જાન્યુઆરીના લોહીના બદલે એ બોટલો માંથી દારુ જ નીકળે. મને તો વિચાર આપે કે બ્લડ ગ્રુપ એ દિવસે ચેક કરાવીએ તો A+ve (Alcohol All), B+ve (Beer Bakardi), AB+ve (All Brands Brandies) આપેલ લોહીના રીપોર્ટના રીમાર્ક આવા જ આવે...

જો કે આપણે મૂળ વાત પર આવીએ. શરીર તમારી ઈચ્છા પ્રમાણે ચાલે છે ખરું ? ચાલતું હોય તો તમે તેને માંદુ પડવા દો ખરા ? જો એ તમારું જ હોય તો કેન્સર ના કિટાણુઓને એમાં પ્રવેશ આપો ખરા ? તેને કોઈ પણ રીતે રોગગ્રસ્ત થવા દો ખરા ? Even પડખું ફેરાવવા કરવટ બદલવા નું કાર્ય - ઈચ્છા પ્રમાણે નથી થઈ શકતું કે નથી કરી શકાતું તેમાં પણ પુણ્યની જરૂર પડે છે. પુણ્ય હશે તો જ થઈ શકશે, અન્યથા નહીં.

એક વાત નિશ્ચિત છે, શરીર આપણી પાસેથી વધારે કામ કરાવી લે છે અને કામમાં ઓછું આવે છે. દુનિયામાં કોઈ પણ સમજુ વિચારક ડાહ્યો શાણો, મનુષ્ય એ હકીકતનો ઈન્કાર કરી ન શકે કે આ શરીર ઉપર તમારો કબજો નથી. ઘણી વ્યક્તિઓ એવી હોય છે કે જગતમાં સત્ય સામે જ દેખાતું હોય; પણ પોતાને ન ગમે, ન ફાવે એવું હોય તો, તેને સ્વીકારતી જ નથી હોતી. તેમને ગમે તેટલું સમજાવો, તેઓ ત્યાંના ત્યાંજ ! વટે ને વટે જ ! !

હવે આગળ વધીએ :

પુત્ર પુત્રી પત્ની પરિવાર સમાજ ગામ દેશ બધા તમારા છે ખરા ?

૨૦-૨૦ વર્ષો સુધી લાડકોડથી ઉછરેલી, ભણાવી ગણાવીને મોટી કરેલી, જેણે પાણી માગ્યું ત્યારે તેને દૂધ આપ્યું, એ રીતે જેની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરેલી એવી, તમારી પોતાની (માનેલી !) પુત્રી, તમને કહ્યા વિના અચાનક એકાએક કોઈ હાલી મંવાલી, સાથે રાતોરાત જતી રહે ખરી ? જો તમને કદાચ જાણ થાય અને તમે Police-station માં Complaint કરો કે કોઈ x-y-z તેને ઉપાડીને ભાગી ગયો છે અને

તે x-y-z ને Police Officer હાજર પણ કરે, ત્યારે તમારી (!) જ પુત્રી, તમારી જ સમક્ષ, Police Station માં Statement આપે કે This Mr. x-y-z is my Husband એ મારા પતિ છે, અને કદાચ તમને ઓળખવાનો પણ (!) ઈનકાર કરી દે. જો તમારી પુત્રી હોય તો આવું સંભવી શકે ખરું ?

હજી તો લગ્ન થયાને ખાસ સમય વીત્યો નથી ને તમારો (!) માનેલો (!!) પુત્ર પોતાની માનેલી (!!!) પત્નીને લઈને, તમને તડકે મૂકીને, અલગ ઘર માં રહેવા જાય ખરો ? મને આવા સમયે મનમાં એવું થઈ આવે કે વર્ષો સુધી 'ભાજપ' માં રહેલો કોઈ નેતા, રાતોરાત કોંગ્રેસ માં જતો રહ્યો !

અને હા ! પત્ની પણ જો તમારી જ હોય, તમારાથી છૂટાછેડા લેવા ન્યાયાલયના પગથિયાં ચઢે ખરી ?

રામ લક્ષ્મણની જોડી કહેવાતા ભાઈ સંપત્તિ માટે વિખવાદે ચડે ખરા ? વિવાદ માં પડે ખરા ?

કદાચ યોગ્ય રીતે જ ગવાયું છે -

"कसमे, वादे, प्यार,
वफा सब बातें हैं बातों का क्या!!
कोई किसी का नहीं,
ये झूठे नाते हैं, नातों का क्या?!"

અનેક ઘટનાઓ, નજર સામે, બનવા છતાં, જીવ કોઈ પણ રીતે હકીકત સ્વીકારવા તૈયાર જ નથી ! ખરેખર આવા જીવો ધર્મ માટે

અયોગ્ય અપાત્ર છે. જ્યોતિષશાસ્ત્રની ભાષામાં આવા જીવોને ધર્મ સાથે 'બારમો ચંદ્રમાં' છે. ધર્મ ક્યારેય શેખચલ્લીના કાલ્પનિક વિચારો માં અથવા તો હવાઈ કિલ્લાઓ માં રાચવાની વાત કરે જ નહીં, એ તો સમયે સમયે નક્કર સત્યને અનુસરવાની જ વાત કરે.

❖❖❖

સંસાર એ તો એક ધર્મશાળા છે.

''ધર્મશાળામાં જગતની કોણ ક્યારે આવશે કોને ખબર ?
ક્યાં સુધી એમાં મુસાફર થાક ખાવા થોભશે કોને ખબર ?
કોણ જીવનની સફર અટકાવશે, અધવચ લથડિયું ખાઈને
કોણ કોની ખાંધ ઉપર, અંતિમ ઉતારે પહોંચશે કોને ખબર ?''

અનાદિ અનંત સંસારમાં રખડતાં રખડતાં, તમારા સૌ સાગસંબંધીઓ વગેરે ભેગા થયા અને વળી છૂટા પણ પડી જવાના. મરણ આવતાં જે મૂકવાનું જ છે, 'તે' ને જીવતાં 'મારું' માનીને જીવો છો, એના કરતાં જીવતાં પણ 'તે' ને છોડવાનું જ છે, એમ વિચારીને સમજીને શા માટે ન જીવી શકો ?

શરીર જેને તમે 'પોતાનું માનો છો, એ છે કેવું ? નજરની સામે જ છે. નાક (જીરાગોળીનું Raw Material બનાવતી Factory) માંથી લીંટ, કાનમાંથી મેલ, આંખમાંથી ચીપડા, મુખમાંથી થૂંક, ગળામાંથી ગળફા બળખા, શરીરમાંથી પરસેવો, મળમૂત્ર વગેરે અનેક અશુદ્ધિઓ બહાર કાઢતું, ગંધાતું અને અનેક રોગોના ભંડારરૂપ આ શરીર !

એને તમે ભલેને દેવકુરુ ઉત્તરકુરુના કલ્પવૃક્ષોના ઉત્તમ ફળ આપો કે રત્નાગિરિના Organic 'આફૂસ' એ તો તમામ સારી વસ્તુઓને Convert કરીને, Convert કરશે 'વિષ્ટા' માં જેને જોવા માટે પણ કોઈ તૈયાર ન થાય, even પોતાને પણ દુર્ગંછા થાય.

વધારામાં ત્રાસ અને તકલીફ પણ કેવાં! અવારનવાર પાણી, ખાવા માટે ભોજન જોઈએ, મળમૂત્રના નિકાલ માટે સમયાંતરે તૈયાર રહેવું પડે, તે ન થાય તો પણ Tension, થાક લાગે એટલે આરામ અને ઊંઘ ની જરૂરિયાત રહે. આ તમામ વ્યવસ્થાઓમાંથી ઊંચા જ આવી શકાય નહીં. જેટલી સેવા આ શરીર માગે છે, એટલી સેવા કોઈ અન્યની કરવાની આવે તો માથાનો દુખાવો જ લાગે.

Even ચક્રવર્તીઓ પણ આમાંથી બાકાત રહી શકતા નથી. તેમણે પણ આ બધું કરવું જ પડે.

In short લાખો પ્રશ્નોના મૂળમાં આપણું આ શરીર જ છે. આવું જાણ્યા પછી, સમજ્યા પછી, even Make up માટે Beauty Parlour માં ગયા પછી, પણ રૂપાળા લાગતા શરીરની તુચ્છતા, જો સાચી રીતે સમજી હોય તો વ્યક્તિ ગાઈ જ ન શકે. ''ना कजरे की धार, ना किया कोई श्रृंगार, फिर भी कितनी सुंदर हो।''

અશુદ્ધિઓના ઉદ્દભવસ્થાન, રોગોના ભંડાર અને સતત વેઠ કરાવતા શરીર માટે અવનવા સૌંદર્ય પ્રસાધનો, અત્યાધુનિક વસ્ત્રો, અલંકારો અને પગરખાંઓની ખરીદી કરવા દ્વારા જિંદગીના મહત્ત્વના કલાકો waste કરવાનું મન મૂર્ખાઓ ને જ થાય!

તેથી જ આત્મા માટે તો ધર્મ સાધના સિવાય બીજું કશું જ કરવાનું રહેતું નથી. આપણી જાતને develop કરવી એ ધર્મ છે. અત્યારે તો આપણે પારકો વિકાસ કરી રહ્યા છીએ. રાજકારણની ભાષામાં વિચારીએ જો આજ સુધી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને મજબૂત કરવાનું કામ કર્યું હોય તો કેવું કહેવાય? 'નરેન્દ્ર મોદી, એવા આપણા જીવે, સંસાર રૂપી Congress ને જ મજબૂત કરી છે!

જિજ્ઞાસુ : આ સંસારની વિચિત્રતા સમજયું હોય એનું ઉદાહરણ આપોને.

ગુરુજી : એક વખત, સૌધર્મેન્દ્રની પર્ષદામાં દેવો બેઠા હતા. ત્યાં કોઈ કારણસર, 'ઈશાન' નામના બીજા દેવલોકમાંથી સંગમ નામનો દેવ આવ્યો, જેનું અદભુત રૂપ જોઈને સૌ દેવો આશ્ચર્યચકિત થઈ ગયા. એક દેવે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો 'આવું રૂપ કયા પુણ્યથી મળ્યું' ઈન્દ્ર મહારાજાએ ઉત્તર આપ્યો 'પૂર્વ ભવમાં કરેલા વર્ધમાન તપના આયંબિલને પરિણામે મળ્યું છે.'

''તમને પણ ખરેખર કોઈ અદભુત રૂપ નજરે ચડે, તો તમે પણ સ્વાભાવિક રીતે પૂછો खूबसूरती का राज क्या? ।''

''તમારામાં અને એ દેવમાં ફરક એટલો કે રૂપ પુણ્યથી મળે છે એમ આ દેવ માને છે એટલે કે તે આસ્તિક છે, જ્યારે તમે ખુબસૂરતીના રાઝ તરીકે "Fair & Lovely" ને માનો છો. તમારા અને એ દેવના Level (સ્તર) માં આ જ ફરક છે. દેવતા આત્મા પરલોક પુણ્યપાપમાં માનતો હતો, તેથી તેને શંકા ન થઈ. ઈન્દ્રનો આ ઉત્તર તમારા મગજમાં બેસે ખરો?''

દેવતાઓએ ફરી પૂછ્યું 'આના જેવો બીજો કોઈ પુરુષ આ જગતમાં હશે ?'

સૌધર્મેન્દ્ર કહ્યું 'દેવ કે મનુષ્ય કહો, પણ સનત્કુમાર ચક્રવર્તી જેવું રૂપ કોઈનું નથી.'

આ મનુષ્યનું શરીર ક્ષતિપૂર્ણ (defective) છે; તેથી આ શરીરની દુર્ગંધ ૪૦૦ યોજન સુધી જાય છે. ક્ષતિયુક્ત માળખામાં, આવું અસરકારક માળખાકીય બંધારણ હોઈ શકે, એ વાત મગજમાં બેસતી ન હોવાથી જ અશ્રદ્ધા થઈ છે.

બન્ને દેવો બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને, રાજદ્વારે આવીને, દ્વારપાળની પાસે ઉભા રહ્યા, ત્યારે સનત્કુમાર ચક્રવર્તી અભ્યંગ (તેલમાલિશ) કરાવી સ્નાન કરવાનો પ્રારંભ કરી રહ્યા હતા. 'બ્રાહ્મણો આવ્યા છે' એવા સમાચારોની દ્વારપાળ દ્વારા જાણ થતાં ન્યાયી એવા ચક્રવર્તીએ, આ અવસરે પણ તેમણે પ્રવેશ કરવાની અનુજ્ઞા આપી.

રાજાનું રૂપ નજરે પડતાં જ અત્યંત વિસ્મય પામી, મસ્તકને ધુણાવતાં બંને દેવો વિચારવા લાગ્યા, ''અહો ! અહો ! કેવું અદભુત રૂપ ! સર્વ અંગોની શોભા શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. ઈન્દ્ર મહારાજાએ વર્ણવ્યું એવું જ આ રૂપ છે, એમાં જરા પણ ફેર નથી. લાવણ્ય સરિતાનું પૂર કેવું ઊછાળા મારી રહ્યું છે !''

ચક્રીએ પૂછ્યું કે ઉત્તમ દ્વિજો, આપનું આગમન અહીં શા કારણથી ?

બ્રાહ્મણો : આપના રૂપની ખૂબ પ્રશંસા સાંભળી હતી, માટે

કૌતુકથી જોવા આવ્યા છીએ, but જે પણ સાંભળ્યું હતું, તેનાથી પણ અહીં વિશેષ નજરે પડે છે.

સનત્કુમાર : જોકે અત્યારે તો તેલ માલિશ થી વ્યાપ્ત મારું શરીર છે. થોડો સમયમાં જ હું સ્નાન કરીને, રંગબેરંગી વેશ વસ્ત્ર પરિધાન અને અનેકવિધ આભૂષણો દ્વારા શરીરને શણગારીશ, ત્યાર પછી જો આપ નિહાળશો તો આપને લાગશે કે ખરેખર કેવું અદભુત દેહલાલિત્ય છે.

પછી સનત્કુમાર સ્નાન ઈત્યાદિ ક્રિયાઓ સંપન્ન કરીને, તૈયાર થઈને, રાજસભામાં સિંહાસન પર બિરાજ્યા. બંને બ્રાહ્મણો રાજસભામાં આવ્યા. તે વખતે રોગના કિટાણુઓ (worms), શરીરમાં પ્રવેશ જવાથી, વિકૃત થયેલું તેમનું રૂપ, જોઈ આશ્ચર્ય પામ્યા. ક્ષણવારમાં જ તે રૂપ લાવણ્ય (beauty) ક્યાં જતું રહ્યું ?

આશ્ચર્ય સહિતના એમના મુખને જોઈને ચક્રીએ પૂછ્યું પ્રથમ તો મને જોઈને આપ ખુશ થઈ ગયા હતા. હવે ખેદથી મલિન મુખવાળા કેમ થઈ ગયા છો ?

બ્રાહ્મણોએ કહ્યું : અમે દેવતાઓ છીએ. સૌધર્મેન્દ્રએ કરેલા આપના રૂપની પ્રશંસામાં અમને શંકા થઈ, માટે અહીં આવ્યા. પહેલાં આપનો દેહ સ્વરૂપવાન હતો, પણ હમણાં તમારો દેહ તો સર્વત્ર વ્યાધિઓથી ઘેરાયેલો લાગે છે.

આટલું કહીને દેવતાઓ તરત જ અંતર્ધાન અદશ્ય થઈ ગયા.

રાજા વિચારવા લાગ્યા "રોગના ઘર એવા આ શરીરને ધિક્કાર

છે, તુચ્છ બુદ્ધિવાળા મૂર્ખાઓ તેની ઉપર મૂર્છા રાખે છે. જેમ ઉંધઈ થી સંપૂર્ણ લાકડું નષ્ટ થઈ જાય છે, બહારથી રૂડાં દેખાતાં વડના ફળ, અંદર તો કીડાઓથી યુક્ત હોય છે, તેમ અંદર ઉત્પન્ન થતાં વિવિધ વ્યાધિઓ થી શરીર નાશ પામે છે.

આવા નાશવંત શરીર દ્વારા 'સકામ નિર્જરા' ને કરનાર તપ કરી લેવો, એ જ એનો શ્રેષ્ઠ ઉપયોગ છે. આ ઉત્તમ સારને ગ્રહણ કરી વૈરાગ્યભાવ પ્રાપ્ત કરી તેઓશ્રી તરત જ વૈરાગ્ય વાસિત થઈ દીક્ષિત થયા.

ગુરુજી : ક્ષણવાર પહેલાં, આવું અદ્‌ભુત રૂપ અને પછી ક્ષણમાં જ નાશ થયેલું જણાય, તો તમને કયો વિચાર આવે ?

જિજ્ઞાસુ : દેવતાની નજર લાગી ગઈ.

ગુરુજી : તમારી દૃષ્ટિમાં પરમાર્થનો ખૂબ અભાવ છે. 'નાશવંતમાં શાશ્વતની બુદ્ધિ', તમારામાં બેઠેલી છે. તેથી તમને પારમાર્થિક વિચારો ન આવતાં 'નજર લાગી ગઈ' એમ ભાસે છે, જેથી તમે ઝાડૂ નખાવો, નજર ઉતારવાનો પ્રયત્ન આદિ કરો, આવા તકલાદી ઉપાયો કરવાના વિચારો આવે છે.

જ્યારે સનત્‌કુમારને એવો વિચાર ન આવ્યો કે નજર લાગી ગઈ. પણ એમને પરમાર્થને ધ્યાનમાં લઈ વિચાર્યું કે ખરેખર આ શરીર નાશવંત છે, જેને હું શાશ્વત સમજતો હતો; તે ભૂલ હતી.

તેમની પાસે ઘણાં બધા હકીમો વૈદ્યો ઉપલબ્ધ હતા, છતાં પણ તેઓ પારમાર્થિક દૃષ્ટિ કેળવીને વૈરાગ્ય પામ્યા.

જિજ્ઞાસુ : સંગમ (શાલિભદ્રના પૂર્વ ભવના જીવ) ને તેની માતાની નજર લાગી હતી ?

ગુરુજી : વૈભવનો નાશ થતાં સંગમ અને એની માતા બંને, સ્વદેશ છોડી અન્યત્ર ગયા. કોઈ ઉત્સવ પ્રસંગે ઘેર ઘેર ખીર રંધાતી હતી. બાળ સંગમે પણ પીર ખાવાની જિદ કરી. પરિસ્થિતિ ન હોવાથી માતાની આંખમાં આંસુધારા વહી જતી જોઈને, પડોશીઓ એ મદદ કરી. માતાએ ખીર બનાવીને સંગમને વાપરવા આપી. માતા ઘરના અન્ય કાર્યોમાં વ્યસ્ત થઈ ગઈ. માસક્ષમણના તપસ્વી મહાત્મા, (સંગમને ભવસાગરથી તારવા), પારણા માટે ગોચરી વહોરવા પધાર્યા. હૃદયના અપૂર્વ ભાવોલ્લાસપૂર્વક સંગમે બધી જ ખીર મહાત્માને વહોરાવી. મહાત્માના ગમન બાદ માતા આવી, ત્યારે થાળમાં ખીર ન દેખાતાં, પોતે આપેલી ખીર સંગમ ખાઈ ગયો હશે, એવું ધારીને ફરીથી ખીર આપી. સંગમે અતૃપ્તપણે આકંઠ ખીર વાપરી. પેલા મુનિ ભગવંતને સંભારતો સંભારતો, સંગમ અજીર્ણને કારણે, તે જ રાત્રે મરણ પામ્યો. ('ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર'માં સંગમનું મૃત્યુ અજીર્ણ થી થયું એવો ઉલ્લેખ છે. માતાની નજર લાગી અને મૃત્યુ પામ્યો એવો ઉલ્લેખ નથી.

જિજ્ઞાસુ : નાના બાળક પાસેથી ગોચરી ન લેવાય એવું છે ને ?

ગુરુજી : ગોચરી સંબંધી ૪૨ દોષોમાં એક 'દાયક' નામનો દોષ છે. તે સંબંધી એમ જણાવાયું છે કે બાળક જો તેના વડીલો સાથે હોય અને વહોરાવે તો દોષ નથી. પણ જો એકલો હોય તો એના હાથે ન વહોરાય. વળી જે આઠ વર્ષથી નાનો હોય તે બાળક ગણાય, એ પ્રમાણે બાળકની વ્યાખ્યા કરવામાં આવી છે. સંગમ પ્રાયઃ આઠ વર્ષનો

હશે, તેથી મુનિભગવંતને ‘દાયક’ દોષ ન લાગે.

અમારા જીવનમાં બનેલો એક પ્રસંગ જણાવું, અમારા એક મહાત્માને, એક બહેને પોતાના બાળકને હાથે ગોચરી રૂપે, લાડવો વહોરાવ્યો, વહોરાવ્યા બાદ બાળક તરત જ રડવા લાગ્યું, ‘મને લાડવો પાછો આપો.’

ત્યારે મને સહજ વિચાર આવ્યો ‘ભગવાને પોતાના કેવળજ્ઞાનના માધ્યમે કેવી અદ્દભુત વાતો કરી છે ! અહીં તો માતા સાથે હતી એટલે દોષ ન હતો. પણ ક્યારેક જો આવા નાના બાળકને હાથે ગોચરી વહોરીએ અને પછી જો એ રડવા લાગે તો લોકમાં શાસનની અપભ્રાજના થાય કે ‘‘આ સાધુઓ છે કેવા ? નાના બાળકનું પણ લઈ જાય છે.’’

ફરી મૂળ વાત પર આવીએ. અન્ય કોઈ ગ્રંથમાં નજરની વાત આવતી હશે, તેની મને ખબર નથી.

આ જ સંગમનો જીવ ભવાંતરમાં શાલિભદ્ર થાય છે અને સંસારની અસારતા સમજીને, દીક્ષા ગ્રહણ કરી, કેવી અદ્દભુત સાધના કરે છે !

શાસ્ત્રોમાં વર્ણન કરતાં જણાવ્યું છે કે ધન્ના અણગાર અને શાલિભદ્રનું શરીર કેવું થઈ ગયું છે ? ચાલતા ચાલતાં, હાડકાંઓ ખડખડ થતાં હોય એમ લાગે છે. જાણે ગાડું ચાલતું હોય ને કિચૂક કિચૂક અવાજ આવે, એવો હાડકાંનો અવાજ આવે છે. ગાડું જાણે કોલસાથી ભરેલું ન હોય, એમ શરીર આખું ‘કોલસા ભર્યું ગાડું’ સમ જણાય છે ! શરીરમાંના માંસને તેમણે સાવ સૂકવી નાંખ્યું છે !

આજકાલના ચાલી રહેલા "Use & Throw" Concept વાળી

૩૩ પેટીઓ વસ્ત્રોની, ૩૩ પેટીઓ અલંકાર આભૂષણોની, ૩૩ પેટીઓ ભોજન સામગ્રીની; એમ ૯૯ પેટીઓ, દીક્ષા પૂર્વે, જેને ઘેર રોજ ઉતરતી હતી, એવા ભોગ ભોગવનારાએ દીક્ષા જીવનમાં શરીર કેવું કરી મૂક્યું છે ? !

આઠમ ચૌદશના દિવસે લીલોતરીના બદલે, ગૃહસ્થો જેનું શાક કરતાં હોય છે, તે સૂકવેલી સોઘરી જેવી તો તેમની આંગળીઓ થઈ ગઈ છે. અંદરનું પાણી પીને ફેંકી દેવાયેલા અને તડકામાં તપી તપીને સંકોચાઈ ગયેલા નાળિયેર જેવું તો, તેમનું મસ્તક થઈ ગયું છે.

દીક્ષા પછી પ્રથમ વખત રાજગૃહી નગરીમાં તેઓ પધાર્યા છે. ભગવાન પાસે ભિક્ષાની અનુજ્ઞા લેવા ગયા અને ભગવાને કહ્યું: આજે, તમારી માતા પાસેથી મળેલા આહારથી, તમારું પારણું થશે. શાલિભદ્રજી 'જી ભગવંત' કહીને ધન્ય મુનિની સાથે નગરમાં ગયા. ભદ્રા માતાના ઘરના દ્વારે આવીને ઊભા રહ્યા, પરંતુ ઘોર તપશ્ચર્યાને પરિણામે, અત્યંત કૃશ અને નબળી બનેલી અને પાતળી પડેલી કાયાને લીધે, તેઓશ્રી કોઈના ઓળખવામાં આવ્યા નહીં. 'શાલિભદ્રમુનિ, ધન્યમુનિ, ઈત્યાદિ આજે અહીં પધાર્યા છે, તેથી હું તેમના વંદનાર્થે જાઉં.', એવી ઈચ્છાથી આકુળવ્યાકૂળ બનેલા ભદ્રા શેઠાણીનું પણ ધ્યાન તેમના તરફ ન ગયું. મુનિ તો ક્ષણવાર ઊભા રહીને તરત જ પાછા વળી ગયા. રસ્તામાં તેમના પૂર્વભવની માતા દહીં ઘી વેચવા, આવી રહી હતી, તેણે બંને મુનિશ્રીઓને વંદન કરી, ભાવભક્તિપૂર્વક દહીં વહોરાવ્યું.

શાલિભદ્ર મુનિશ્રીએ, ભગવાનને અંજલી જોડીને પૂછ્યું ''આપે કહ્યું હતું કે માતાના હાથે પારણું થશે, તો એ પ્રમાણે કેમ ન થયું ?''

પ્રભુજીએ કહ્યું: ''તમને દહીં વહોરાવનાર, તમારા પૂર્વભવની માતા ધન્યા હતી.''

પારણું કરીને, પ્રભુની અનુજ્ઞા લઈને, ધન્યમુનિની સાથે તેઓ અનશન કરવા માટે વૈભારગિરિ ઉપર ગયા. આ તરફ શાલિભદ્રની માતા વંદનાર્થે આવ્યા. ભગવાનને વંદન કરી તેમણે પૂછ્યું શાલિભદ્ર મુનિ ક્યાં છે? અમારે ત્યાં ભિક્ષાર્થે કેમ ન પધાર્યા? ભગવાને કહ્યું આવ્યા તો હતા, પણ તમારી અત્રે આવવાની વ્યગ્રતા ને કારણે તમારા ધ્યાનમાં એ ન આવ્યું! એમના પૂર્વભવની માતા ધન્યાને હાથે દહીં વહોરીને, પારણું કરીને, એ મહાસત્ત્વશાળી ધન્ય મુનિ અને શાલિભદ્ર મુનિએ, સંસાર સાગરથી પાર ઉતરવા માટે, હમણાં જ વૈભારગિરિ ઉપર જઈને અનશન ગ્રહણ કર્યું છે.

જિજ્ઞાસુ : સાધુ ભગવંતે શું વાપર્યું, એ ગૃહસ્થને કહી શકાય ખરું?

ગુરુજી : ઉત્સર્ગ માર્ગે તો સાધુભગવંતની ગોચરીની વાત ગૃહસ્થને ન કરાય, પણ ભગવાન સર્વજ્ઞ હોવાથી, હિતાહિતની દૃષ્ટિએ, તેમણે ભદ્રા શેઠાણીનું હિત જોઈને જ, તેમણે જણાવ્યું.

ભદ્રા શેઠાણી પહોંચી ગયા, વૈભારગિરિ ઉપર. ત્યાં શાલિભદ્રજીને જોઈને એમણે જે આક્રંદ કર્યું છે. શાસ્ત્રકારો લખે છે કે તેમના આક્રંદ વિલાપના પ્રતિધ્વની પડઘા થી જાણે તેઓ વૈભારગિરિને પણ રડાવતાં ન હોય!!!

શાલિભદ્રજીના આ કથાનકમાંથી આપણે વિચારવા જેવું એ છે કે તેમનામાંથી 'અહં'કાર એટલે કે હું = શરીર એ ભાવ જતો રહ્યો, જેને

કારણે તેઓ શરીરનો આટઆટલો કસ કાઢી શક્યા. વળી 'મમ' કાર એટલે કે 'મારા' પણાનો ભાવ પણ નીકળી ગયો હતો. અન્યથા, તેમને મનમાં લાગી આવ્યું હોત 'દીક્ષા પછી આટલા વર્ષો બાદ હું આવ્યો, છતાં આ લોકોને મારી કંઈ પડી નથી.' એમને ગોચરી મળી કે ન મળી, આવકાર મળ્યો કે ન મળ્યો, કોઈપણ નકારાત્મક ભાવો ન આવ્યા. કારણ, 'અહં'કાર અને 'મમ'કાર ને તેઓએ અંદરખાનેથી કાઢી નાખ્યા હતા.

જિજ્ઞાસુ : અહંકાર અને મમકારથી કોઈ દુઃખી હોય, એનું ઉદાહરણ આપો ને ?

ગુરુજી : તમે બધા જ એના શ્રેષ્ઠ ઉદાહરણો છો. ખરેખર, તમે કેટલા બધા દુઃખી છો ?

જિજ્ઞાસુ : Please કૃપા કરીને, મમતાથી દુઃખી હોય એવું કોઈ શાસ્ત્રીય Example આપો ને.

ગુરુજી : પવનંજય (હનુમાનનાં પિતાશ્રી) ની સગાઈ અંજનાકુમારી સાથે થઈ હોય છે. સગાઈ માતા પિતાએ નક્કી કરી છે. ટૂંક સમયમાં જ Marriage થવાના હોય છે. લગ્ન કોની સાથે કરવા, એ નક્કી કરવાનો અધિકાર, આર્યદેશમાં માતાપિતાનો હોય છે. તમારી માન્યતા તો એ જ છે કે જેની સાથે મારે, આખી જિંદગી રહેવાનું છે, એ વ્યક્તિ Mom Dad નક્કી કરે, એ કેમ ચાલે ? જોકે આપણી સંસ્કૃતિમાં એ અધિકાર માતાપિતાનો છે. સંતાનો જો Capable હોય તો તેઓ સ્વયંવરા થવાની છૂટ આપે પણ ખરા.

અહીં પવનંજય અને અંજનાકુમારીના કિસ્સા માં સગાઈ બંનેના માતાપિતાએ નક્કી કરી. અંજનાને પવનંજયે જોઈ પણ નથી, પણ તેના ભરપેટ વખાણ, પવનંજયે મિત્રો પાસેથી સાંભળ્યા છે. લગ્ન પણ તુરંતમાં જ થવાના છે. તે અંજનાને મળ્યા વિના રહી ન શક્યો. એક રાત્રે તે અંજનાના મહેલ માં જાય છે. ત્યાં મહેંદી મૂકવાની વિધિ, વગેરે કાર્યક્રમ ચાલતો હોય છે. અંજનાની સખીઓ મજાક મશ્કરી રૂપે વાતો કરે છે. 'જે બીજા છોકરા સાથે સગાઈની ચર્ચાઓ હતી, તે પવનંજય કરતા ચડિયાતો છે, સારો છે. આ વાત પવનંજયે સાંભળી, તેના મનમાં થયું કે અંજના તો મારી છે, તેણે મારી તરફેણ માં બોલવું જોઈતું હતું, પણ તે મૌન રહી. તેથી પવનંજયને થયું તેને મારામાં રસ નથી.

અહીં વિચારવાનું એ છે કે વર્ષો સુધી પવનંજય, અંજનાને ઓળખતો પણ ન હતો. પણ જેવો મારાપણાનો 'મમ'કારનો ભાવ આવ્યો કે તરત તેને દુઃખ થયું. અંજના એના Support માં ન બોલી. એ તેને ન ગમ્યું.

બોલો ! આ જ અંજના પ્રત્યે 'મારા'પણાનો ભાવ ન હોત, તો શું તે દુઃખી થાત ? નહીં જ. આટલા વર્ષો સુધી તે સુખી હતો કે સગાઈ થવાથી તે સુખી થયો ?

તાત્પર્ય એ જ છે 'અહંકાર અને મમકાર, જીવને ક્યારેય સુખી થવા ન દે.'

જિજ્ઞાસુ : 'હું જે નથી, એમાં 'હું' પણાનું જ્ઞાન અને જે મારું નથી એમાં 'મારા' પણાનું જ્ઞાન જીવને કોણ કરાવે છે ?

ગુરુજી : ભ્રાંતિ બે રીતે થઈ શકે. (૧) ગેરસમજણ ને કારણે અથવા તો (૨) દોષ ને કારણે. તમે અંધારા ઓરડા માં ગયા. બહારથી ઝાંખો ઝાંખો પ્રકાશ આવતો હતો. તેમાં રહેલા દોરડા માં તમને સર્પ ની ભ્રાંતિ થઈ. દોરડું તમને સાપ રૂપે જણાયું. આ છે ગેરસમજ. ઘણાની આંખમાં જ એવો દોષ હોય છે કે તમામ વસ્તુઓ, બે બે દેખાય. આમાં જે ભ્રાંતિ થાય છે, તે દોષ ને કારણે થાય છે.

જડ એવા શરીરમાં અને જે મારું નથી, તેનામાં મારાપણાની ભ્રાંતિ મોહ કરાવે છે. મોહનું કામ છે મૂંઝવવું; જે ન હોય તે બતાવવું. જીવને વાસ્તવિકતા થી દૂર રાખવાનું.

અમે નાના હતા, ત્યારે રખડવા સિવાય કોઈ રસ નહીં. એટલે આનંદ મેળો વગેરેમાં જતા. ત્યાં એવા પ્રકારના અરીસાઓ હોય, જેમાં તમે હો ટૂંકા અને દેખાઓ લાંબા, હો લાંબા અને દેખાઓ ટૂંકા; એવા કાચમાં જાડા માણસો પાતળા દેખાય અને પાતળા માણસો જાડા દેખાય. જેમ આવા કાચ ભ્રાંતિ ઉત્પન્ન કરે છે, તેમ મોહને પણ Petrol આપવાનું કામ અહંકાર અને મમકાર કરે છે.

જિજ્ઞાસુ : આ જગતમાં મારું કોઈ નથી અને હું કોઈનો નથી, એટલે કે અમારી ઉપર માતા પિતા, સમાજ, દેશ કોઈનો પણ ઉપકાર નહીં ને ?

ગુરુજી : ભગવાને એવી Guideline (માર્ગ રેખા) ક્યારેય નથી આપી કે તમારી ઉપર જેમણે પણ ઉપકાર કર્યો છે, એમના ઉપકારનો યોગ્ય બદલો નહીં વાળવાનો. તમારી વાતથી તો બધાના ઉપકારને ચાઉં કરી જવાની વાત છે. વર્તમાન આધુનિક સમાજમાં એવું કહેવાય

છે, બોલાય છે, સંભળાય છે કે માતા-પિતાનો કોઈ ઉપકાર છે જ નહીં, એમને તો ભોગ ભોગવવા હતા, we are just the by products વધારાનું ઉત્પાદન ! શાસ્ત્રો ક્યારે પણ આવું નથી કહેતા. તમારા ઉપર જેમનો જેટલો પણ ઉપકાર છે, તે પ્રમાણે તેમની પ્રત્યેની ફરજ તમારે બજાવવાની છે. પણ કૃતજ્ઞતા ગુણને ધારણ કરવા પૂર્વક. સરહદ રેખા ભેદરેખા આ છે કે મમત્વથી નહીં, કૃતજ્ઞતા ગુણ થી ફરજ અદા કરવાની છે.

જ્યારે તમે નાના હતા, ત્યારે સંપૂર્ણ પરાધીન અવસ્થામાં હતા, એવી કટોકટીની પરિસ્થિતિ માં જેમણે પણ તમારી ઉપર ઉપકાર કર્યા હોય, તેનું ઋણ સ્વીકારવું જ રહ્યું.

જિજ્ઞાસુ : ઉપકાર કોનો માનવો ?

ગુરુજી : જેમણે પણ ઉપકાર કર્યો તેનું ઋણ, એનો ઉપકાર માનવો. ધ્યાન એટલું રાખવું કે ફરજ અદા કરતી વખતે મમત્વ ન આવવું જોઈએ. ભગવાન શ્રી ઋષભદેવ ૮૩ લાખ પૂર્વ વર્ષ સંસારમાં રહ્યા જ્યાં જ્યાં પણ જે જે ફરજો આવી, તે તમામ અદા કરી, પણ મારા પરાયા ભાવ રાખ્યા વિના અને મમત્વ વિના.

જિજ્ઞાસુ : પિતાશ્રી ધર્મથી અત્યંત વિરુદ્ધ અને નાસ્તિક હોય તો પણ ફરજ અદા કરવાની ?

ગુરુજી : શાસ્ત્રમાં વાત આવે છે કાલસૌરિક કસાઈ ની તેનો પુત્ર સુલસ ધાર્મિક વૃત્તિનો. શાસ્ત્રમાં લખ્યું છે કે 'अत्युग्रपापानां फलमत्रैव लभ्यते।' કસાઈને ધાતુવિપર્યાસનો રોગ થયો. સુગંધી પુષ્પો, સ્વાદિષ્ટ વાનગીઓ, નયનરમ્ય રંગબેરંગી અનેકવિધ અવનવા રંગો, કર્ણપ્રિય

મધુર સંગીતના સૂરો ઈત્યાદિ કંટક જેવા લાગતા હતા. સુલસે અભયકુમારને પૂછ્યું: શું કરું ? અભયકુમારે જણાવ્યું તપાવેલા સીસા (extremely hot lead) જેવું ઉકળતું પાણી આપીશ, તો એમને ઠંડક મળશે. કડવી વાનગીઓ, મધુર લાગશે. વિષ્ટા ના વિલેપનથી એમને સારી અનુભૂતિ થશે. ઊભા રાખેલા કાંટાવાળી શય્યા માં એમને સુખ મળ્યું તો, એક વખત કાલસૌરિકે કહ્યું भक्तेनापि त्वयाऽस्मात किं वञ्चितोऽस्मि चिरं सुखात्। ભક્ત એવા તારા દ્વારા, આવા ભોગોથી, મને આટલા લાંબા સમય સુધી દૂર કેમ રખાયો ?

કહેવાનો સાર એ જ કે પિતા અધાર્મિક હોય અથવા તો નાસ્તિક હોય તો પણ એક પુત્ર તરીકે તો તમારે ફરજ અદા કરવાની છે, જે ફરજ સુલસે યોગ્ય રીતે નિભાવી.

જિજ્ઞાસુ : સુલસ ધાર્મિક વૃત્તિનો છે ?

ગુરુજી : આર્ય ! કાલસૌરિક મૃત્યુ પામ્યો, ત્યારે સ્વજનો એ કહ્યું પિતાજીનું સ્થાન ગ્રહણ કર, અર્થાત કસાઈનું કામ કર. ત્યારે સુલસે કહ્યું પાપ કર્મોનું ફળ પિતા તો અહીં જ પામ્યા છે. મારે આ કામ નથી કરવું. કારણ કે મને જેમ પ્રાણ પ્યારા છે, તેમ અન્ય જીવોને પણ પ્રાણ પ્યારા છે. સ્વજનોએ કહ્યું "જે પણ પાપ લાગશે, તેમાં અમે ભાગ પડાવશું, જેમ સ્વજનો સુવર્ણમાં ભાગ પડાવે છે તેમ."

તરત જ સુલસે એક કુહાડો પોતાના હાથમાં લઈ, પોતાના પગ ઉપર માર્યો અને તે મૂર્છા પામ્યો. પછી ભાનમાં આવતાં જ બોલ્યો - गृहणीत बन्धवो यूयं विभज्य मम वेदनाम्। स्यामल्पवेदनो येन, पीडितं पात पात माम्। હે બન્ધુઓ ! તમે મારી વેદનામાં ભાગ પડાવીને,

ગ્રહણ કરો, જેથી હું અલ્પવેદનાવાળો થાઉં. पीडा कस्यापि केनापि ग्रहीतुं शक्यते किम् । શું કોઈની પીડા કોઈનાથી લેવાય છે ખરી ? પછી સુલસે કહ્યું तत्कथं नरकव्यथाम् તો પછી નરકની વ્યથામાં કેવી રીતે ભાગ પડાવશો ? मे पिता भवति यद्यन्धः किमन्धः स्यात् सुतोऽपि हि । જો પિતા અંધ હોય તો પુત્રએ પણ શું અંધ થવાનું ?

આ બધી વાતચીતોના, સમાચાર અભયકુમારને મળ્યા. તેઓ આવીને સુલસને ભેટી પડ્યા, અને બોલ્યા "તેં ખરેખર સારું કર્યું, પ્રમોદ ભાવનાથી હું અહિયાં આવ્યો છું.

વિચારજો ઉપબૃંહણા ગુણાનુવાદ કરવા અભયકુમાર જો જાતે આવે તો સુલસ કેવો હશે ?

આપણે સૌ એ જ દિશામાં આગળ વધીએ.

## Neither ન હું ન 'અહં'કાર

## Nor my ન મારું ન 'મમ'કાર

❖❖❖

## : નોંધ :

આ પુસ્તક આપને અન્ય કોઈ નામે પ્રકાશિત કરવું હોય તો
અંદરની મેટર યથાવત્ રાખીને પ્રકાશિત કરવાનો હક્ક
પરમાર્થ પરિવાર આપને આપે છે.

આ પુસ્તક વાંચ્યા પછી જરૂર ન હોય તો નીચેના ઠેકાણે પરત કરવી
આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ
૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪
મો. ૯૮૨૦૪૪૧૦૩૦

## પરમાર્થ-પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તકો :

૦૧) સારાંશ
૦૨) સુખના સમીકરણો
૦૩) શ્રાવિકા
૦૪) સમજ
૦૫) સમર્પિત
૦૬) સંયુક્ત પરિવારનો મહિમા
૦૭) અતિથી સત્કાર એટલે વિહાર સેવા ગ્રુપ
૦૮) સચ્ચઉરી મંડણ
૦૯) મને વેષ શ્રમણનો મળજો...
૧૦) રાગ ભાગ - ૧ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૧) રાગ ભાગ - ૨ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૨) ક્ષમાધર્મ ભાગ - ૧ (ઉપકારીક્ષમા, અપકારીક્ષમા)
૧૩) ક્ષમાધર્મ ભાગ - ૨ (વિપાકક્ષમા)
૧૪) ક્ષમાધર્મ ભાગ - ૩ (વચનક્ષમા, ધર્મક્ષમા)
૧૫) પ્રાર્થના ભાગ - ૧ (જયવીયરાય સૂત્ર)
૧૬) પ્રાર્થના ભાગ - ૨ (જયવીયરાય સૂત્ર)
૧૭) અદ્‌ભુત
૧૮) પુરુષાર્થ
૧૯) અવતાર માનવીનો...
૨૦) આશરો
૨૧) વાણી
૨૨) ઈતિહાસ
૨૩) श्राविका (हिन्दी)
૨૪) संयुक्त परिवार की महिमा (हिन्दी)
૨૫) अतिथी सत्कार (हिन्दी)
૨૬) Final Verdict (સારાંશ)
૨૭) Authentic Sukh (સુખના સમીકરણો)
૨૮) Ideal House Wife ( શ્રાવિકા)
૨૯) Importance of Joint Family (સંયુક્ત પરિવારનો મહિમા)
૩૦) Wish You All the Best (જા સંયમ પંથે દીક્ષાર્થી)
૩૧) Dedicated (સમર્પિત)
૩૨) Marvelous (અદ્‌ભુત)
૩૩) Journey of Enlightenment (સચ્ચઉરી મંડણ)
૩૪) Vihar Seva Group (વિહાર સેવા ગ્રુપ)
૩૫) Understanding (સમજ)

## પરમાર્થ-પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તકો :

૦૧) સારાંશ
૦૨) સુખના સમીકરણો
૦૩) શ્રાવિકા
૦૪) સમજ
૦૫) સમર્પિત
૦૬) સંયુક્ત પરિવારનો મહિમા
૦૭) અતિથી સત્કાર એટલે વિહાર સેવા ગ્રુપ
૦૮) સચ્ચ્યઉરી મંડણ
૦૯) મને વેષ શ્રમણનો મળજો...
૧૦) રાગ ભાગ - ૧ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૧) રાગ ભાગ - ૨ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૨) ક્ષમાધર્મ ભાગ - ૧ (ઉપકારીક્ષમા, અપકારીક્ષમા)
૧૩) ક્ષમાધર્મ ભાગ - ૨ (વિપાકક્ષમા)
૧૪) ક્ષમાધર્મ ભાગ - ૩ (વચનક્ષમા, ધર્મક્ષમા)
૧૫) પ્રાર્થના ભાગ - ૧ (જયવીયરાય સૂત્ર)
૧૬) પ્રાર્થના ભાગ - ૨ (જયવીયરાય સૂત્ર)
૧૭) અદ્ભુત
૧૮) પુરુષાર્થ
૧૯) અવતાર માનવીનો...
૨૦) આશરો
૨૧) વાણી
૨૨) ઈતિહાસ
૨૩) श्राविका (हिन्दी)
૨૪) संयुक्त परिवार की महिमा (हिन्दी)
૨૫) अतिथी सत्कार (हिन्दी)
૨૬) Final Verdict (સારાંશ)
૨૭) Authentic Sukh (સુખના સમીકરણો)
૨૮) Ideal House Wife (શ્રાવિકા)
૨૯) Importance of Joint Family (સંયુક્ત પરિવારનો મહિમા)
30) Wish You All the Best (જા સંયમ પંથે દીક્ષાર્થી)
3૧) Dedicated (સમર્પિત)
3૨) Marvelous (અદ્ભુત)
33) Journey of Enlightenment (સચ્ચ્યઉરી મંડણ)
3૪) Vihar Seva Group (વિહાર સેવા ગ્રુપ)
3૫) Understanding (સમજ)